।। શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।।

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૭ તારીખે સળંગ અંક ૪૭૭, ઓક્ટોબર–૨૦૨૫, રૂા. ૫.૦૦/–
















**શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક યુવતી મંડળના સંચાલક સંત સમિતિ દ્વારા ૫૦થી વધુ ઉંમરના ભક્તો માટે પવિત્ર નારાયણ સરોવર- અબડાસા કચ્છ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ત્રિદિવસીય વડીલ હરિભક્તો માટે સત્સંગ શિબિરનું આયોજન કરાયું.**

















**શ્રી સ્વામિનારાયણ મંદિર અંજાર દ્વારા સમૂહ શ્રીમદ્‌ભાગવત સપ્તાહ પારાયણનું આયોજન કરાયું.**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૮ કુલ અંક-૨૦૪

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૫ અંક-૮ ઓક્ટોબર-૨૦૨૫
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૭૭

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| લેખ | ૫ |
| સત્સંગ સમાચાર-દેશ | ૬ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૨૬ |
| શ્રી ઘનશ્યામ બાળસંદેશ | ૨૯ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઇઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

સનાતન ધર્મના અનુયાયીઓ પર્વાધિરાજ દિવાળીના તહેવારો ઉત્સાહ અને ઉમંગભેર ધામધૂમથી ઉજવે છે. આસો વદ વાઘબારસથી કારતક સુદ લાભપાંચમ સુધી અનેરો આનંદ છવાયેલો રહે છે. ધન, ધાન્ય અને ધંધા(વેપાર-રોજગાર)ના આરાધ્ય દેવી દેવતાઓનું આરાધન અને પૂજન કરી પરસ્પર આત્મીયતાની અભિવ્યક્તિ એખલાસપૂર્વક કરે છે. લાભપાંચમના સત્ય અને નીતિના પ્રતિક સમા 'કાંટા' (ત્રાજવું)નું પૂજન કરી પ્રામાણિકતાથી વેપાર કરવાના સંકલ્પો કરે છે જેથી ધંધામાં બરકત રહે અને વેપારી વર્તુળમાં શાખ ઊભી થાય. (જીવનનું પણ એવું જ છે. સત્ય-નિષ્ઠા સાથે નીતિના માર્ગે ચાલીએ તો પુણ્યના ભાથામાં વૃદ્ધિ થાય અને પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત થાય.) દિવાળીની ઉજવણી બાદ નૂતન વર્ષના અભિનંદન પાઠવી શુભ સંકલ્પો સાથે આત્મોન્નતિ અર્થે શુભેચ્છાઓ પણ પાઠવીએ.

દાનવદૃષ્ટિનો નાશ કરી એકબીજા તરફ દેવદૃષ્ટિથી નિહાળી વ્યક્તિમાં રહેલા દેવત્વને જાણીએ. જીવમાત્ર પ્રત્યે સહિષ્ણુતા દાખવી 'સ્વ'ને વિસારી 'સર્વ'નું વિચારીએ. સૌનું રૂડું થાય, સૌનું કલ્યાણ થાય, સૌની ઉન્નતિ થાય એવા શુભ સંકલ્પો કરીએ અને સૌને સત્કર્મો કરવાની પ્રેરણા પૂરી પાડીએ, પ્રોત્સાહિત કરીએ. દરેક અવસ્થામાં શ્રીહરિ પ્રત્યે હૈયામાં હેત રાખી તેની ઉપસ્થિતિ અનુભવીએ, તેના સાંનિધ્યના સાક્ષાત્કાર સાથે શ્વાસે શ્વાસમાં, હૃદયના દરેક ધબકારામાં તેના અસ્તિત્વનો અહેસાસ કરીએ.

સમસ્ત સૃષ્ટિમાં અને સૃષ્ટિના જીવમાત્રમાં નિહિત 'સત્યમ્, શિવમ્, સુન્દરમમાં તન્મય થઈએ. આપણા હાથે મંગલકાર્યો થતાં રહે અને આપણા ચરણો કલ્યાણના માર્ગે ચાલતા રહે. અહંનો અંચળો ફેંકી દઈ નિર્દોષ, નિર્મળ અને નિરપેક્ષભાવ સાથે ભગવાન શ્રીસ્વામિનારાયણ સમક્ષ ઊભા રહી વિશ્વંભર પરમાત્માની અનંત ઐશ્વર્યની છત્રછાયામાં નચિંત થઈ મસ્ત બની જીવન જીવીએ.

માનવ નિર્દોષ, નિર્મળ, નિરપેક્ષ, નિખાલસ, સહિષ્ણુ, સૌમ્ય અને સંતોષી હૃદય સાથે જન્મે છે. પરંતુ માનવ સર્જીત વિકૃતિઓએ પવિત્ર હૃદયને ભ્રષ્ટ કરી દે છે. ત્યારે એટલી જ અપેક્ષા કે, વેર શાંત થાઓ, સૌહાર્દની અરસપરસ વૃદ્ધિ થાઓ, કલહનો નાશ થાઓ, લોકો અરસપરસ ભાવવાહી જીવન જીવતા થાઓ.

માનવ સાચા અર્થમાં માનવ થાઓ. દિવાળી તથા નૂતનવર્ષાભિનંદન સહ જય શ્રીસ્વામિનારાયણ..

# શિક્ષાપત્રી શ્લોક - ૯૭

હિંમતભાઈ ઠક્કર 'રઘુવંશી' - ભુજ




**તત્રાચારવ્યવહૃતિનિષ્કૃતાનાં ચ નિર્ણયે ।**
**ગ્રાહ્યામિતાક્ષરોપેતા યાજ્ઞવલ્ક્યસ્ય તુ સ્મૃતિઃ ॥**

આ આઠ સચ્છાસ્ત્રોને મધ્યે આચારા, વ્યવહાર અને પ્રાયશ્ચિતના નિર્ણયમાં તો મિતાક્ષરા ટીકાઓ યુક્ત યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ ગ્રહણ કરવી.

ભાષ્યકાર શ્રીશતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે, શ્રીજીમહારાજે શાસ્ત્રોમાં જે ગ્રાહ્ય અને સારભૂત તત્ત્વ છે એ આપણા માટે સંશોધન કરીને જુદું તારવેલું છે. અનેક શાસ્ત્રોરૂપી સમુદ્રમાંથી ગ્રાહ્ય અને સારભૂત સંશોધન કરીને આપણને આઠ સચ્છાસ્ત્રો અર્પણ કરેલાં છે. અને એ આઠ સચ્છાસ્ત્રોમાં પણ ગ્રાહ્ય તત્ત્વોનો કેટલોક વિવેક આ શ્લોકમાં શ્રીજીમહારાજે બતાવેલ છે કે, યાજ્ઞવલ્ક્યઋષિની સ્મૃતિને અમોએ જે પ્રમાણરૂપ માનેલી છે, એનો અર્થ એ નથી કે આખી સ્મૃતિ અમે પ્રમાણ માનેલી છે. પણ આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિતના નિર્ણયોમાં જ યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ અમોએ પ્રમાણભૂત માનેલી છે. પરંતુ આત્મા તથા પરમાત્માના જ્ઞાનના નિર્ણયમાં અમોએ પ્રમાણભૂત માનેલી નથી. કારણ કે યાજ્ઞવલ્ક્યઋષિની સ્મૃતિની અંદર જે જ્ઞાન પ્રકરણ છે તેમાં આત્મા અને પરમાત્માનું અભેદપણું વર્ણવેલું છે. અને પરમાત્માને નિરાકાર વર્ણવેલા છે, તેમાં તેથી જ્ઞાનાંશને વિશે આ સ્મૃતિ અમોએ માન્ય કરેલી નથી. પરંતુ નિત્યનૈમિત્તિકાદિ આચારનો જો નિર્ણય કરવો હોય, અને ઋણનું લેવું દેવું ઈત્યાદિક વ્યવહારનો જો નિર્ણય કરવો હોય તો અને જાણે અજાણે થયેલાં પાપોનાં પ્રાયશ્ચિતનો જો નિર્ણય કરવો હોય તથા સાંખ્ય જ્ઞાનમાં ઉપયોગી શરીરમાં રહેલા નાડી તંત્રનો જો નિર્ણય કરવો હોય તો આઠ સચ્છાસ્ત્રોને મધ્યે યાજ્ઞવલ્ક્યઋષિની સ્મૃતિને વિજ્ઞાનેશ્વર પંડિતે કરેલી મતાક્ષરા નામની ટીકાથી યુક્ત જ ગ્રહણ કરવી. કેવળ મિતાક્ષરા ટીકા ગ્રહણ કરવી નહિં. અને બીજા કોઈ વિદ્વાનની ટીકા હોય તો એ પણ ગ્રહણ કરવી નહિં આવો અભિપ્રાય છે.

**"શાસ્ત્રીય જ્ઞાનની 'લુકા-છુપ્પી'માં, દાવ**
**દેનારે તો થપ્પો મારવો જ રહ્યો..!**
**શ્રીજીમહારાજના કહ્યા પ્રમાણે કરો; પ્રથમ દાવે**
**જ મોક્ષ હાથ વગું કરો..!"**

તેથી જ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના પ્રવર્તક શ્રીજીમહારાજે સરળત્તમ માર્ગદર્શન ને સદાસર્વદા જો પ્રત્યેક સત્સંગી શ્રીસદ્‌ગુરુની અંગુલી નિર્દેશ પ્રમાણે જ આગળ આજીવન યાત્રા કરતા રહો, અટપટું પણ સરળત્તમ થઈ જશે આવી ભલામણ કરે છે..

**"સચ્છાસ્ત્રોના ગ્રાહ્યઅગ્રાહ્ય તત્ત્વમાં, વિવેકપૂર્ણ સમજ શિરમોર છે; યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ આંશિક માન્ય, આચાર, વ્યવહાર, પ્રાયશ્ચિત તો, શ્રીજીને પણ પ્રમાણભુત છે; આત્મા-પરમાત્માના નિર્ણયો, શ્રીજીને પ્રસન્તાર્થે સર્જી જાય છે; નિત્ય નૈમિતાદિક આચાર, સાંખ્યજ્ઞાન ને નાડી તંત્રમાં, વિજ્ઞાનેશ્વર પંડિતની મિતાક્ષરા; ટીકા ને જ શ્રીજીએ માન્ય કરી છે."**

## "અંજાર ખાતે ભવ્યાતિભવ્ય સમૂહ શ્રીમદ્‌ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ ઉજવાયો"

અંજાર શ્રીસ્વામિનારાયણ મંદિરના મહંત મંડળધારી ભુજ મંદિરના ઉપમહંત સ.ગુ.સ્વામી ભગવદ્જીવનદાસજી, વડીલ સ.ગુ. શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજી, સ.ગુ.પુ.સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, સ.ગુ.શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી આદિક સમસ્ત સંત મંડળના શુભ સંકલ્પથી તા.૯-૦૯-૨૫ થી તા.૧૫-૦૯-૨૫માં શ્રાદ્ધ પક્ષ દરમ્યાન શ્રીઘનશ્યામ મહારાજના સાંનિધ્યમાં ભવ્યાતિભવ્ય સમૂહ શ્રીમદ્‌ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન થયું હતું. પોથીયાત્રા, શ્રીરામ જન્મોત્સવ, શ્રીકૃષ્ણ જન્મોત્સવ, રાસોત્સવ, ૠક્ષ્મિણી વિવાહ, નારાયણ યજ્ઞ વિગેરે વિવિધ કાર્યક્રમો ધામધૂમથી ઉજવવામાં આવ્યા હતા.





વક્તાપદે રહી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી, પુ.સ્વામી પરમહંસદાસજી, શા.સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ કથાનું રસપાન કરાવેલ. સભા સંચાલન શા.સ્વામી અક્ષરપ્રકાશદાસજી કરેલું હતું. સમસ્ત ભક્તોની સુખ-શાંતિ માટે તથા પોતાના પૂર્વજોની સુખ-શાંતિ માટે તથા આત્યંતિક મોક્ષની પ્રાપ્તિ સુગમ અને સફળ બની રહે તેવા શુભ આશ્રયથી સમૂહ શ્રીમદ્‌ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન સંગીત સાથે ભવ્ય રીતે કરાયેલ. સમાપ્તિને અંતે નારાયણયજ્ઞનું આયોજન કરવામાં આવ્યુ. તથા ભુજથી પ.પૂ.પ્રાતઃસ્મરણીય મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ.ગુ.સ્વામી ભગવદ્જીવનદાસજી, સ.ગુ.કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ.પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ.પુ.દેવપ્રકાશદાસજી, શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી, માંડવીના મહંત સ.ગુ. પુ.સ્વામી કેશવજીવનદાસજી, પ્રસાદિ મંદિરથી મહંત સ.ગુ.સ્વામી દેવકૃષ્ણદાસજી, રાપર મંદિરથી મહંત સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ.પુ.સ્વામી પુરૂષોત્તમસ્વરૂપદાસજી તથા ટ્રસ્ટીમંડળના સર્વે સદસ્યો તથા મહંત સાં.યો.સામબાઈ ફઈ, કચ્છ ચોવીસીના સાં.યો. બહેનો તથા હરિભક્તો આ પાવન પ્રસંગને સૌ પોતાનો પ્રસંગ સમજી આ પ્રસંગમાં સર્વ રીતે સહભાગી બનવા પધારેલ. તથા ગામગામથી હરિભક્તો પણ પધારેલ તથા તેઓશ્રીએ વિશેષમાં જણાવેલ કે આ



પ્રસંગે પોથીના યજમાનનો લાભ લેનાર ૫૫ ભક્તો હતા. આ પ્રસંગે અંજાર મંદિરના નવા કાર્યકર્તાની સમિતીની રચના પણ થઈ હતી. કથાનો લાભ નેટના





માધ્યમથી દેશ-વિદેશના સર્વે ભક્ત સમુદાયને મળ્યો હતો. તથા રાત્રે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા હરિભક્તોને મનોરંજનનું આયોજન કરવામાં આવેલ. તેમાં શાસ્ત્રી સ્વામી સિધેશ્વરદાસજી, પુરાણી સ્વામી સર્યુદાસજી, કોઠારી સ્વામી પૂર્ણપ્રકાશદાસજી, કોઠારી પુરાણી સ્વામી ભક્તિપ્રકાશદાસજીના નેજા હેઠળ ઉજવણી કરવામાં આવી હતી. વ્યવસ્થા પુ.સ્વામી મુનીશ્વરદાસજી, પુરાણી સ્વામી બદ્રીશ્વરદાસજી, કોઠારી સ્વામી સત્સંગસેવકદાસજી, શા.સ્વામી બાલસ્વરૂપદાસજી આદિ તમામ સંતોએ સંભાળેલ હતી.



આ કાર્યક્રમને સફળ બનાવવા સંતો તથા સાંખ્યયોગી મહંત ત્રીવેણીબેન આદિ સાં.યો. બહેનો તથા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સભ્યોએ જહેમત ઉઠાવી હતી. આસપાસના ગામોના હરિભક્તો પોતાનો અણમોલ કિંમતી સમય આપીને સેવાકાર્યોમાં જોડાયા હતા.

## શ્રીસ્વામિનારાયણ મંદિર રાપર (વાગડ) ઉજવાયેલા ઉત્સવો

**હિંડોળા ઉત્સવ :-** રાપર મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીની આજ્ઞા તથા વડીલ સંતો સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી તથા સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીના આશીર્વાદ, કોઠારી સંતોનું માર્ગદર્શન અને પાર્ષદ નારાણ ભગતની વ્યવસ્થા મુજબ સેવા સમિતિના સૌ યુવાનો સાથે મળીને

સુધી હિંડોળા ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

વિશેષ હિંડોળામાં નિજ મંદિરના મંડપમાં બંને બાજુ ૬-૬ હિંડોળાની ગોઠવણી કરી હતી તેમાં ઝુલતા ઠાકોરજી દર્શન આપતા હતા.



વિશેષ હિંડોળા અને હિમાલય દર્શનનું મંગલ ઉદ્‌ઘાટન અષાઢ વદ અમાસ રવિવાર, તા.૨૦/૭/૨૫ ના બપોરપછી પાંચ વાગ્યે વિશાળ સભાનું આયોજન કરેલું. તેમાં હિંડોળા અને હિમાલયનો ચડાવો કરવામાં આવેલ. સૌથી મોટો આંક આપેલા સેવાભાવી યશસ્વી યજમાનો સાથે સંતો રહીને હિંડોળા હિમાલયની આરતી કરી હતી. આજના દિવસે આર્થિક રીતે મોટી સેવા કરનાર સૌ સેવાભાવી યજમાનોને સંતોએ પુષ્પમાળા પહેરાવી, પહેરામણી કરી, પ્રસાદ આપી તેમની સેવાને બિરદાવી હતી. હિંડોળા દરમિયાન રાપર શ્રીઘનશ્યામ બાલ મંડળના બાળકોએ ઠાકોરજીને ઝુલાવવાની સેવાનો સારો લાભ લીધો હતો.

સમગ્ર ઉત્સવમાં રાપર મંદિરના મહંત સ્વામી આદિ વડીલ સંતોના રૂડા આશીર્વાદથી સૌ યુવાનો, વડીલોએ ખૂબ જ ખંત અને ઉત્સાહથી સેવા કરી હતી. બહેનોના મંદિરના મહંત સાં.યો. રમિલાફઈબા વિગેરે સાં.યો.બહેનો માર્ગદર્શન મુજબ યુવતી મંડળ, મહિલા મંડળના સર્વે બહેનોએ સેવાનો ખૂબ લાભ લીધો હતો.

હિંડોળા ઉત્સવના દર્શન માટે પણ કચ્છમાંથી દરરોજ મોટી સંખ્યામાં અનેક હરિભક્તો દર્શનનો લાભ લેવા માટે આવતા હતા. તેઓ સૌને માટે બપોરે મંદિરમાં જ ભોજન પ્રસાદની વ્યવસ્થા કરેલી હતી.

શ્રાવણ વદ એકમ, રવિવાર તા.૧૦/૮/૨૦૨૫ ના સાંજે પૂર્ણાહુતિની મહાઆરતી કરીને આ હિંડોળા ઉત્સવ સમાપ્ત કરવામાં આવ્યો હતો.

**શિક્ષાપત્રી ભાષ્યની માસિક પારાયણ :-** રાપર મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી તથા વડીલ સંતો સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી તથા સદ્‌ગુરુ પુરાણી સ્વામી હરિબળદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી શ્રીઘનશ્યામ મહારાજના પાવન ચરણારવિંદમાં ચોકમાં વિશાળ સભામંડપનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૨૦૦ લોકો શાંતિથી બેસીને કથા સાંભળી શકે આવી સાઉન્ડ-લાઈટ વિગેરેની વ્યવસ્થા કરવામાં આવી હતી. શ્રાવણ સુદ એકમ, શુક્રવાર તા.૨૫ ના સાંજે શયન આરતી કરીને માસિક પારાયણનો શુભ પ્રારંભ કરવામાં આવ્યો હતો.

દરરોજ સરેરાશ ૧૨૦૦ થી વધારે રાપર



નગરના ભક્તો કથા શ્રવણનો લાભ લેતા હતા. તો આજુબાજુના સત્સંગના ગામો નવાપરા, રત્નેશ્વર, સેલારી, સગરામસર, શિવગઢ, ઉમૈયા, પદમપર, સણવા, આડેસર, ગાગોદર, નીલપર વિગેરે ગામોના હરિભક્તો સમય મુજબ પધારીને કથાનો અમુલ્ય લાભ લેતા હતા.

આ પારાયણના વક્તા પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી ધર્મવિહારીદાસજી, ડો.સ્વામી



અક્ષરમુનિદાસજી તથા શાસ્ત્રી સ્વામી તીર્થમુનિદાસજી એમ પાંચ વિદ્વાન સંતો મળીને ભાવવાહી શૈલીમાં સંગીત સાથે કથા સંભળાવી હતી. સ્વામી જનમંગલદાસજી તથા સ્વામી દેવપ્રિયદાસજી તથા વાજીંત્રના નિષ્ણાંત સંગીતકાર હરિભક્તોએ પણ પોતાની સેવાનો લાભ આપ્યો હતો.

સર્વજીવ હિતાવહ એવી શિક્ષાપત્રી ભાષ્યની અભુતપૂર્વ કથા સાંભળીને શ્રોતાજનો ખૂબ આનંદિત થયા હતા. તેથી આ પારાયણના દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક તથા માસિક તથા પ્રસાદના યજમાનો બનીને ઠાકોરજીને થાળ અને સંતો, સાં.યો.બહેનોને રસોઈ આપીને સેવાનો ખૂબ લાભ લીધો હતો.

દર રવિવારે વિવિધ ઉત્સવો ઉજવાતા. ભગવાન શ્રીકૃષ્ણનો પ્રાગટ્ય દિવસ જન્માષ્ટમીના દિવસે ૧૫૦૦ થી વધારે ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. ભગવાનના પ્રાગટ્યની આરતી સાથે સૌ ભક્તોએ મહાઆરતીનો લાભ લીધો હતો. પારણિયે ઝુલતા ભગવાનના દર્શન કરીને સૌ ભક્તોએ ધન્યતા અનુભવી હતી. મટકીફોડ દર્શન તેમજ સૌને પંચામૃત અને પંચાજીરીની પ્રસાદીનો પણ લાભ મળ્યો હતો.

દરરોજ કથાને અંતે વડીલ સંતો દ્વારા સન્માન કરીને યજમાનોની સેવાને બિરદાવવામાં આવતી. તેમજ મંદિરમાં રસોડા વિગેર વિવિધ વિભાગોમાં સેવા કરનાર મંદિરના સમર્પિત સ્વયંસેવક ભક્તોને પણ સ્મૃતિ ચિહ્ન આપીને તેમની સેવાને બિરદાવીને આશીર્વાદ પાઠવ્યા હતા. સમય પ્રસંગે વડીલ સંતો પણ સત્સંગ-ભક્તિનું બળ મળે, નિયમ-ધર્મની દઢતા થાય, જીવનમાં સુખ અને શાંતિ વર્તાય એવા આશીર્વાદ આપતા. કથાને અંતે આરતી-ધૂન અને પ્રસાદનો લાભ લઈ સૌ ભક્તો છૂટા પડતા. આ પારાયણનું લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. તેથી દેશ-વિદેશમાં રહેલા અનેક ભક્તોએ પણ ખૂબ લાભ લીધો હતો.

આ સમગ્ર પારાયણનું આયોજન મંડળના સર્વે સંતો તથા રાપરના સ્થાનિક સૌ ભક્તો સાથે મળીને સંભાળ્યું હતું. સભા સંચાલન કોઠારી ડો.સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી તથા શા.સ્વામી આનંદમુનિદાજીએ સંભાળ્યું હતું.

શિવ પૂજન :- આ શ્રાવણ માસમાં એક મહિના સુધી રાપર મંદિરે દર્શન આપતા મહાદેવજીનું બિલિપત્ર વડે વિધિવત પૂજન કરવામાં આવ્યું હતું. તેમાં મુખ્ય મુખ્ય



દિવસે રૂદ્રી, વિશિષ્ટ અભિષેક અને વિશિષ્ટ પૂજાનો પણ હરિભક્તોએ લાભ લીધો હતો.

**ગૌશાળા ઉદ્‌ઘાટન :-** રાપર મંદિરની નૂતન શ્રીનરનારાયણદેવ ગૌશાળામાં જરૂરી શેડ, ગૌશાળા અને ઘાસચારો રાખવા માટે જરૂરી ઘાસ સંગ્રહના ગોડાઉનનું મંગલ ઉદ્‌ઘાટન શ્રાવણ વદ-૬ (રાંધણ છઠ્ઠ), ગુરુવાર તા.૧૪/૮/૨૫ ના દિવસે રાપર મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી તથા સદ્‌ગુરુ પુરાણી સ્વામી હરિબળદાસજીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે રાપર મંદિરના સર્વે સંતો તથા વાડીના કાર્યકર્તા સંતો સ્વામી માધવચરણદાસજી તથા સ્વામી નૌતમમુનિદાસજી ઉપસ્થિત હતા. તો અંજારથી પુરાણી સ્વામી કૃષ્ણપ્રિયદાસજી તથા પુરાણી સ્વામી કપિલમુનિદાસજી વિગેરે સંતો આ પ્રસંગે પધારેલા હતા.

ગૌદાન તથા બાંધકામ વિગેરે વિવિધ વિભાગોમાં સેવા કરનાર સર્વે યજમાનોનું પુષ્પમાળા અને સ્મૃતિ ચિહ્ન આપીને બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભક્તોની સેવાને બિરદાવીને પૂજ્ય સંતોએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

**ગણપતિ પૂજન :-** રાપર મંદિરમાં ભાદરવા સુદ-૪ ના દિવસે ભગવાન ગણપતિજીનું પૂજન કરવામાં આવેલું હતું. અનેક ભક્તોએ તેનો લાભ લીધેલો હતે.

અ - કોઠારી સ્વામી આનંદમુનિદાસજી-રાપર

## શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ આયોજીત પ્રથમ વડીલ સત્સંગ શિબિર સંપન્ન



મહંત સ.ગુ.પુ.સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ.ગુ.સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સ.ગુ.કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદી વડીલ સંતોની આજ્ઞા અને આશીર્વાદથી સંવત્ ૨૦૮૧ ભાદરવા વદ-૧૨ તા.૧૮-૯-૨૦૨૫ થી વદ-૧૪ તા.૨૦–૯–૨૦૨૫ સુધી શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં ત્રી-દિવસીય આવાસીય પ્રથમ વડીલ સત્સંગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૧ ગામમાંથી ૫૦ વર્ષથી ઉપરના ૪૦૦ જેટલા ભક્તો ૩૦ જેટલા સંતોના માર્ગદર્શન દ્વારા જીવન જીવવાની અને ભગવાન ભજવાની અદ્ભુત કળા શીખ્યા હતા.

સ્થળ હતું ભારતના પવિત્ર ચાર સરોવર પૈકી કચ્છની ભૂમીનું અતિ પવિત્ર તીર્થ નારાયણ સરોવર શ્રીસ્વામિનારાયણ મંદિર.

ભાદરવા વદ એકાદશી તા.૧૭–૯–૨૦૨૫ નાં બપોર પછી સૌ હરિભક્તો શિબિર સ્થળે આવી પહોંચ્યા હતા. ઉતારાની વ્યવસ્થા બાદ પુરાતની ભગવાન શ્રીત્રિવિક્રમરાયના દર્શન કરી અતિ પવિત્ર નારાયણ સરોવરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજનો અભિષેક તથા બ્રહ્મનિષ્ઠ વડીલ સંતો દ્વારા હાંડા ભરીને સર્વે ભક્તોને સ્નાન કરાવવામાં આવ્યું હતું. સ્નાન બાદ ભગવાન ત્રિવિક્રમરાયની અદ્ભુત મહાઆરતી થઈ, નિત્ય-નિયમ કર્યા પછી શ્રીસ્વામિનારાયણ મંદિરમાં પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજીએ કથાનું રસપાન કરાવ્યું હતું.

બીજા દિવસે સ.ગુ.સ્વામી વિશ્વવલ્લભદાસજીએ વચનામૃતની કથામૃતનું રસપાન કરાવ્યું હતું, ત્યારબાદ ઠાકોરજીની મંદિરના મુખ્ય પ્રવેશદ્વારથી આગમન યાત્રા પાલખી, સંતો, મંડળીવારા ભક્તો અને અન્ય હરિભક્તોની સાથે ધૂન ગાન કરતા મંદિરના સભામંડપમાં પધાર્યા. જયાં ઉપમહંત સ.ગુ.સ્વામી ભગવદ્‌જીવનદાસજી, પાર્ષદ જાદવજી

ભગત, સ.ગુ.સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ.સ્વામી વિશ્વવલ્લભદાસજી, સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી, સ્વામી પરમહંસદાસજી, સ્વામી મુક્તવલ્લભદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, કોઠારી સ્વામી ગોલોકવિહારીદાસજી આદી સંતોના વરદહસ્તે દીપ પ્રાગટ્ય કરી શિબિરનો શુભારંભ કરવામાં આવ્યો.



પહેલા દિવસના પ્રથમ વ્યાખ્યાન સત્રમાં શા.સ્વામી ગોલોકવિહારીદાસજીએ ''ભજન કરવાની અદ્ભુત રીત'' શીખવી. પાર્ષદ જાદવજી ભગતે આશીર્વચન આપ્યા. રિશેષ બાદ રાઉન્ડપ ખુરશીની ગેમ રમાડવામાં આવી. પહેલા દિવસના બીજા સત્રમાં સ્વામી મુક્તવલ્લભદાસજીએ ''અંતસમયની મૂળી ભજન સ્મરણ''ની રીત શીખવી, સભા અંતેકોઠારી દેવપ્રકાશદાસજીએ આશીર્વચન પાઠવ્યા. સાંજે નિત્ય-નિયમ, કથા બાદ મુક્ત મને ચિંતન રાખવામાં આવ્યું હતું, જેમાં ભક્તોએ મનમાં મૂંજવતા અનેકવિધ પ્રશ્નો રજુ કર્યા અને ઉપમહંત સ્વામી, સ્વામી શ્રીહરિદાસજી આદિ સંતોએ યથાશાસ્ત્ર ઉત્તરો આપી સંતોષ પમાડ્યા હતા.

બીજા દિવસે પ્રાતઃપૂજા, આરતી, નિયમ બાદ સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીએ વચનામૃત વિવેચન સહ કથા સંભળાવી. ત્યારબાદ ભાદરવા વદ શ્રાદ્ધ પક્ષ હોવાથી પવિત્ર નારાયણ સરોવર સ્થળે પિતૃ શ્રાદ્ધ કરવામાં આવ્યું હતું. જેમાં ભક્તોએ મનભેર લાભ લીધો હતો.પવિત્ર ભુદેવો દ્વારા શ્રાદ્ધવિધિ સંપન્ન થયો, ઉપમહંત સ્વામીએ આશીર્વાદ આપ્યા. પ્રથમ સત્રમાં પુરાણી સ્વામી પરમહંદાસજીએ ''પારિવારિક સમજણ'' વિષય પર વડીલોને ઉમર થતાં કેવી સમજણ રાખવી, જેથી સુખી રહી શકાય, તે પર પ્રકાશ પાથર્યો હતો. સ્વામી શ્રીહરિદાસજીએ ખુબ રુડા આશીર્વચન આપ્યા હતા. બીજાદિવસના બીજા સત્રમાં શા.સ્વામી દેવચરણદાસજીએ ''વ્યવહારિક સમજણ'' વિષય પર આર્થિક વ્યવહારમાં ક્યાય છેતરવાય નહીં, તેની રીત સમજાવી. બાદ સ્વામી વિશ્વવલ્લભદાસજીએ આશીર્વચન આપ્યા હતા. આરતી, નિયમ, કથા બાદ ભવ્ય રાસોત્સવનું આયોજન રાખવામાં આવ્યું હતું.

તા.૨૦-૯ ના પ્રાતઃપૂજા, આરતી બાદ વચનામૃતની કથામાં ઉપમહંત સ્વામીએ ખૂબ રહસ્યમય વિવેચન કરી કથામૃતનું પાન કરાવ્યું હતું. બાદ ગ્રુપ ફોટો લેવામાં આવ્યો. પ્રથમ સત્રનાવ્યાખ્યાનમાં શા.સ્વામી દેવચરણદાસજીએ ''સમયની સેવા'' વિષય પર સેવાનો મુક્તિ આપનારો અદ્ભુત મહિમા સમજાવ્યો. બાદ ભક્તોએ સ્વાનુભવ પર વકતવ્ય આપ્યું અને અંતમાં શિબિર ફળશ્રુતિમાં કેટલાક હરિ ભક્તોએ તમાકુ, ચા વગેરે વ્યસનો, તથા કુસ્વભાવો છોડવાના નિયમો અને નિયમિત-દર્શન,



કથા, વાંચન વગેરેના નિયમો લીધા હતા. વડીલોને સંતોના ખુબ આશીર્વાદ મળ્યા.

ઉપમહંત સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજીએ ભલામણ કરીકે આપણે આવ્યા છીએ શિબિરમાં તો કંઈક લઈને જાજો. જીવનમાં પરિવર્તન થાયતો શિબિરમાં આવ્યાનો દાખડો સફળ થાય. દોષો મુકી જજો અને સારું લાગે એ લઈને જજો. સંતોએ આકારા-મીઠા વચનો કહ્યા હશે એ જીવનમાં ઉતારજો. શ્રીનરનારાયણદેવના થઈને રહેજો. કયાંએ કાળા-ધોળા, દોરા કે યંત્ર-મંત્રમાં ન પડજો. દેવથી વિમુખ લોકોની વાતમાં ન આવજો. આપણે જે દેવ મળ્યા એમાં નિષ્ઠા રાખજો.

પાર્ષદ જાદવજી ભગત—આવી વડીલ હરિભક્તોની શિબિર દર વર્ષે થાય ને વધુ ને વધુ હરિભક્તો જોડાય એવી ભલામણ કરી.

સ.ગુ.સ્વામી શ્રીહરિદાસજી—સંસાર ઉંટના બેસડા જેવો છે. સુખ-દુઃખ આવે ધીરજ રાખવી. ધનબાઈફઈ નવી પુત્રવધુને ભલામણ કરતાં કે સાસરે જાવો ત્યારે સુખી થવા નહિ સુખી કરવા જવું. આવી ભલામણ તમારે તમારી દીકરીને કરવી. કુંભાર માંટલાં ઘડે તેમ આ સંતો તમારું અહીં ઘડતર કરે છે. આપણા ઘનશ્યામ મહારાજ ડાબા હાથથી અભયદાન અને જમણા હાથથી કલ્યાણનો કોલ આપે છે. પણ આપણે હખણાં રહેવું, નિર્માની થઈને રહેવું.

ત્રણ દિવસની આ પ્રથમ વડીલ સત્સંગ શિબિરમાં નારાયણ સરોવર જેવા પવિત્ર સ્થળને જ પોતાનું ઘર અને સંતોને જ પોતાના સંબંધી માનીને રહેલા વડીલોએ શિબિરમાં અનેકવિધ કાર્યક્રમોનો આનંદ માણતાં માણતાં ત્રણ દિવસ કેમ પસાર થઈ ગયા તેની ખબર પણ ન પડી. પરંતુ છૂટા પડવાના સમયેવડીલોના મુખે એક જ વાત હતી કે આવી શિબિર દર વર્ષે થાય અને પાંચ દિવસની થાય. પુ. સ્વામી પરમહંસદાસજીએ પધારેલા સંતો, કાર્યકર્તા યુવાનો અને સંતોનો આભાર વ્યક્ત કર્યો હતો. અંતમાં અરસપરસ મળી, સંતોના આશીર્વાદ લઈ પોત પોતાના ઘર પ્રત્યે પ્રયાણ કર્યું.

## તપોવનધામ રામપર વેકરા ખાતે ૧૦ સંતો સહિત ૧૦૮ લોકોએ કરેલ સામૂહિક પંચગવ્ય સ્નાન ઉત્સવનું આયોજન થયું

તપોવન ધામ, રામપર-વેકરા સવારનો પહોર હોય, આજુબાજુ એક સો થી વધુ જાતવાન દેશી કાંકરેજ ગાયોના ભાંભરવાનો, પક્ષીઓનાં કલરવનો મધુર અવાજ આવતો હોય અને ૧૦ સંતો સહિત ૧૦૮ લોકો કતારમાં બેસીને તાજા ગોબરને પોતાના શરીરે રગડીને હોંશે હોંશે સ્નાન કરતા હોય એ દશ્ય કેવું હશે ?

રસ્તે રખડતા છોડી દેવાયેલા ગૌવંશ જ્યારે એઠવાડ કે પ્લાસ્ટીકની થેલીઓમાં ફેંકી દેવાયેલ ખાદ્ય પદાર્થ ખાય અને શેરીઓમાં ગમે ત્યાં પોદળા કરે તે સ્વાભાવિક રીતે જ દુર્ગંધ કરે અને એટલે જ સામાન્ય રીતે ગોબરનું નામ સાંભળતાં જ લોકોને સુગ ચડે એ સ્વાભાવિક છે.

પરંતુ અહીં વાત છે વગડામાં ચરતી અને ઘાસચારા તથા ખાણદાણ સાથે ગૌશાળામાં જેનું સારી રીતે પાલનપોષણ થાય છે એવી ગાયો અને ગૌવંશની કે જેનાં તાજા ગોબરમાં દુર્ગંધ નહીં પણ સાત્ત્વિક સુગંધ આવે છે. અને તેમાં પ્રમાણસર તાજા દૂધ, દહીં, ઘી, ગોમૂત્ર સહિતના પંચગવ્ય અને ચંદન પાવડર સહિતની વસ્તુઓનું મિશ્રણ કરીને શાસ્ત્રોક્તવિધિ સાથેનો મહિમા સમજીને તેનું પદ્ધતિસર સ્નાન કરવામાં આવે ત્યારે સુગ તો દૂર થાય જ છે. સાથે તેના ખૂબ મોટા શારીરિક લાભ અને મનને પણ શાંતિ અને પ્રસન્નતાનો અનુભવ થાય છે.

માત્ર કચ્છ નહિં પરંતુ સમગ્ર ગુજરાતમાં આટલા મોટેપાયે પંચગવ્ય સ્નાનનું સફળ આયોજન કરવામાં રામપર-વેકરાનું ‘તપોવનધામ’ નિમિત્ત બન્યું અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ગૌસેવા ગતિવિધિ-પશ્ચિમ કચ્છ અને તપોવનધામ સંયુક્ત આયોજનથી આ અનોખો પ્રયોગ થયો ત્યારે પ્રારંભે તપોવનધામના મુખ્ય સંચાલક સ્વામી દેવચરણદાસજી અને ગૌસેવા ગતિવિધિના સૌરાષ્ટ્ર પ્રાંત સંયોજક મેઘજીભાઈ હિરાણી દ્વારા શાસ્ત્રોના શ્લોકો અને તેના લાભની વાતો સાથે ૮ વર્ષના બાળકથી લઈને ૬૦ વર્ષની વય અને વિદ્યાર્થી, વૈજ્ઞાનિક, વેપારી, સરપંચ, શિક્ષક, મજૂર, ખેડૂત, ગોપાલક સાથે સામાજિક અને ધાર્મિક આગેવાનો સહિત ૧૦ સંતો અને ૯૮ અન્ય લોકો કુલ્લ મળીને ૧૦૮ જેટલી મોટી સંખ્યાએ જ્યારે શરીરમાં એકાદ કલાક સુધી મિશ્રણને બરોબર રગડ્યા પછી



છે.

સેંટ અને પરફ્યુમની કુત્રિમ અને નુકશાનકારક સુગંધના આ યુગમાં ગોબર સ્નાનનું બીડું ઝડપનાર આવડી મોટી સંખ્યામાં બાળકો અને યુવાનો જોડાય તેને સાહસિક અને પ્રેરણારૂપ પગલું ગણાવીને સ્વામી દેવચરણદાસજી સહિતના સંતોએ સૌને અભિનંદન આપ્યા હતા અને આગામી સમયમાં ડોકટર અને વૈદ્યો તથા બહેનો માટે પણ આવું વિશેષ આયોજન કરવાની વિચારણા છે.



સાદા પાણીથી સ્નાન કરીને પોતાના અનુભવ વર્ણવ્યા તેમાં જાણવા મળ્યા મુજબ આવા પ્રયોગોથી વર્તમાન યુવા અને નવી પેઢીનું ગાય સાથે જોડાણ વધે છે અને શાસ્ત્ર તથા વિજ્ઞાન પ્રમાણિત ગોબરના લાભ જાણીને સુગ દૂર પણ થાય છે.

બે મહિના પહેલાં માત્ર ૨૯ લોકો સાથે અંજારના રાયમલધામ ખાતે થયેલ આ પ્રયોગની સફળતાથી પ્રેરાઈને તપોવનધામ ખાતે આ વધુ સફળ આયોજન થયું અને લાભ લેનાર સૌએ આગ્રહ કર્યો કે આવું આયોજન વારંવાર થવું જોઈએ એટલે હવેથી દર મહિને એકવાર આવું આયોજન કરવાનું નક્કી કરાયું

અ - એવું ગૌસેવા ગતિવિધિ પશ્ચિમ કચ્છના સંયોજક નવિનભાઈ ભુડિયાએ જણાવ્યું છે.

## રાત્રી સત્સંગ સભા -નેરુલ સિવુડ (મુંબઇ)

ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદ આજ્ઞાથી થાણા સત્સંગ ભવનના આંગણે આવી રહેલ “શ્રીસહજાનંદ સુખકારી મહોત્સવ”ના ઉપક્રમે કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ નેરુલ સિવુડ દ્વારા આયોજિત ‘આદર્શ ગૃહસ્થજીવન’ રાત્રી સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.





તા.૨૯ થી ૩૧ ઓગષ્ટ ૨૦૨૫ ત્રિ-રાત્રીય સત્સંગ સભા 'આદર્શ ગૃહસ્થજીવન'એ વિષય પર વક્તા સ્વામી શ્યામકૃષ્ણદાસજીના વ્યાસાસને ઉપર બિરાજીને સુંદર કથા કરી આદર્શ ગૃહસ્થનું જીવન કેવું હોય ? એ સમજાવ્યું હતું.

આ પ્રસંગે પુ.સ્વામી જયકૃષ્ણદાસજી, થાણ સત્સંગ ભવનના સંચાલક પુ.સ્વામી હરિમુકુંદદાસજીએ પણ આશીર્વાદ આપતા કહ્યું કે ગૃહસ્થ જીવનમાં રહેતા હોય તો કમાણીમાં ભગવાનનો દશમો અથવા વીસમો ભાગ કાઢવો જેથી ધન શુદ્ધ થાય છે સાથે વધારે ધન હોય તો ગરીબો, જરૂરિયાતમંદોને પણ મદદરૂપ થવું એ પણ આદર્શ ગૃહસ્થનું લક્ષણ છે.

અંતિમ દિવસે તા.૩૧/૮/૨૫ રવિવારના સાંજે ૪ થી ૭ વાગ્યા સુધી રાપરથી પધારેલ સાં.યો. બહેનો દ્વારા મહિલા સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું જેમાં બહોળી સંખ્યામાં મહિલા ભક્તોએ લાભ લીધો હતો.

રાત્રી સભામાં ભાદરવા સુદ આઠમ રાધાષ્ટમી હોવાથી ભગવાન રાધાકૃષ્ણનું પૂજન કરીને બહેનો ઘરે ઘરેથી થાળ બનાવીને લાવ્યા હતા, તે અન્નકૂટરૂપે જમાડવામાં આવ્યા. બાદમાં આરતી કરવામાં આવી. પહેલીવાર નેરુલમાં રાધાષ્ટમીનો ઉત્સવ ઉજવવાનો લાભ મળ્યો. અંતમાં યજમાનોને સંતો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. રાત્રી સભાની સેવામાં સ્વામી જયહરિદાસજી, સ્વામી બાલમુકુંદદાસજી તથા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યવતી મંડળના સભ્યો જોડાયા હતા.

અ - નવિનભાઈ ભ્રાસડિયા -નેરુલ

## જલજીલણી ઉત્સવ એવં કાકડી ઉત્સવ - થાણા (મુંબઇ)

ભાદરવા સુદ એકાદશી એટલે પરિવર્તની એકાદશી (જલજીલણી એકાદશી) તા.૩/૯/૨૫ બુધવારના રોજ શ્રીસ્વામિનારાયણ સત્સંગ ભવન થાણા મુંબઈને ૧૫ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે તેના ''શ્રીસહજાનંદ સુખકારી મહોત્સવ''ના ઉપક્રમે 'જલજીલણી ઉત્સવ' એવં 'કાકડી ઉત્સવ'નું અનોખું આયોજન કરવામાં આવ્યું હતું.





આજના પવિત્ર દિવસે શ્રીઠાકોરજીને ૧૨૫ કિલો કાકડી ધરાવવામાં આવી ને આ પ્રસંગે પુરાણી સ્વામી હરિમુકુંદદાસજીએ સ્વામિનારાયણ ભગવાનની પરાવાણી વચનામૃતના માધ્યમે કથા સંભળાવી હતી. પુ.સ્વામી જયકૃષ્ણદાસજીએ 'જલજીલણી ઉત્સવ'નો મહિમા કહ્યો હતો. બાદ સત્સંગ ભવનને ૧૫ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે એ નિમિત્તે ૧૫ હરિકૃષ્ણ મહારાજના સ્વરૂપોનો દૂધથી અભિષેક સંતો અને હરિભક્તો દ્વારા કરવામાં આવ્યો હતો. એ જ રીતે બહેનોની સભામાં સાં.યો.બહેનો અને ગૃહસ્થ બહેનોએ પણ હરિકૃષ્ણ મહારાજનો દૂધથી અભિષેક કરવાનો લાભ લીધો હતો.

ત્યારબાદ હરિકૃષ્ણ મહારાજને જળમાં ઝીલાવ્યા પછી 'જલજીલણી ઉત્સવ'નું કીર્તન પછી



આરતી એમ પાંચ વખત આરતી કરવામાં આવી જેનો ૧૫ યજમાનોએ સંતો સાથે આરતી ઉતારવાનો લાભ લીધો હતો. છેલ્લે નૃત્ય ભક્તિથી સંતો, સાં.યો.બહેનો અને સૌ હરિભક્તોએ ભગવાનને રાજી કર્યા. બાદ હરિભક્તોએ ભગવાનને જળમાં ઝીલાવ્યા અને અંતે બધા ભક્તોને કાકડીનો પ્રસાદ વહેંચવામાં આવ્યો. એ ઉત્સવની તૈયારી સ્વામી જયહરિદાસજી, સ્વામી બાલમુકુંદદાસજી તેમજ કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સભ્યોએ કરી હતી. આ ઉત્સવમાં સભા સંચાલન સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ કર્યું હતું.

અ - રવિ કરમણ ગામી

## શ્રીસ્વામિનારાયણ સત્સંગ ભવન - પવઇ(મુંબઇ) નૂતન સિંહાસનમાં ઠાકોરજીની પધરામણી પ્રસંગે રાત્રી સત્સંગ સભા

ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ વડિલ સંતોની આજ્ઞા અને આશીર્વાદથી શ્રીસ્વામિનારાયણ સત્સંગ ભવન પવઈમાં ઠાકોરજીની નૂતન સિંહાસનમાં પધરામણી પ્રસંગે રાત્રી સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું.

મુંબઈના પવઈ વિસ્તારમાં રહેતા મુમુક્ષુ પરિવારોમાં સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીએ સત્સંગના પિયુષ પાયેલાં ને એ હરિભક્તો ભુજ શ્રીનરનારાયણદેવની નિશ્રામાં સત્સંગ કરતા હતા. સમયાંતરે ભુજ મંદિર દ્વારા આ વિસ્તારમાં સત્સંગ ભવનનું નિર્માણ કરવામાં આવ્યું અને હરિભક્તો દૈનિક સત્સંગ, કથાવાર્તા, ઉત્સવ-ઉજવવાની સાનુકૂળતા મળી ભુજથી પધારેલા સંતોના સમાગમથી દિન પ્રતિદિન સત્સંગનો વ્યાપ વધતો રહ્યો છે. આ સત્સંગ ભવનને ૧૦ વર્ષ પૂર્ણ થયા છે એ નિમિત્તે સ્થાનિક હરિભક્તોના સાથ સહકારથી ભુજ મંદિર દ્વારા સત્સંગ હોલ, સંત નિવાસ, રસોડું, નૂતન સિંહાસન જેવી સુવિધાઓ સાથે સત્સંગ ભવનનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે.



આ પ્રસંગે તા.૧ થી ૩ ઓગષ્ટ ૨૦૨૫ ત્રિ-રાત્રી સત્સંગ સભામાં પહેલાં દિવસે સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ સમર્પણ વિષય પર કથા સંભળાવી બાદમાં સત્સંગ ભવન જીર્ણોદ્ધારમાં સેવા કરનાર યજમાનોને બિરદાવ્યા.

દ્વિતીય દિવસે શા.સ્વામી દેવનંદનદાસજીએ ભગવાનના ચરિત્રોની કથા સંભળાવીને આ પ્રસંગે ભુજથી પધારેલ શા.સ્વામી નારાયણમુનિદાસજી અને પુ.સ્વામી ધર્મચરણદાસજીએ સભામાં રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

તૃતીય દિવસે તા.૩/૮/૨૦૨૫ રવિવારના સવારમાં સત્સંગ ભવનમાં સંતો દ્વારા મહાપૂજા કરવામાં આવી ને બાદમાં ઠાકોરજીને નૂતન સિંહાસનમાં બિરાજમાન કરવામાં આવ્યા અને તેમનું પૂજન પછી અન્નકૂટ ધરાવી આરતી કરવામાં આવી ને બાદમાં વિલેપાર્લેના સંચાલક પુ.સ્વામી શાંતિપ્રિયદાસજીએ બધા ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા. અતે બપોરે ૧૨-૦૦ વાગ્યે પૂજ્ય સંતો અને કાંદિવલી વિધાનસભાના આમદારશ્રી દિલીપમામા લાંડે





સાહેબના વરદ્‌હસ્તે સત્સંગ ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું.

રાત્રી સત્રમાં રાપરથી પધારેલા શા.સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી વચનામૃતના માધ્યમે કથા સંભળાવી હતી. બાદમાં પુ.સ્વામી વિવેકમુનિદાસજી અને શા.સ્વામી વ્રજજીવનદાસજીએ રૂડા આશીર્વાદ અને યજમાનોને સંતો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા અને અંતમાં જેમની પ્રેરણાથી સત્સંગ ભવન જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો તેવા સદ્‌ગુરુ પુ.સ્વામી બાલકૃષ્ણદાસજીએ આશીર્વાદ પાઠવતા કહ્યું કે આ સત્સંગ ભવન પૂજ્ય મહંત સ્વામીના આશીર્વાદ અને ભગવાનની કૃપાથી મળ્યું છે. તેના માધ્યમે સત્સંગ કરજો અને ભગવાનને ગમે તેવું જીવન બનાવજો. અને અંતે સત્સંગ ભવનની સંચાલક હરિભક્તોને સમિતિ કરીને રૂડા આશીર્વાદ પાઠવી અને અંતે આરતી સભાને પૂર્ણ કરી.

આ ત્રણ દિવસના ઉત્સવમાં સ્વામી બાલમુકુંદદાસજી, સ્વામી ભક્તવલ્લભદાસજી તથા પવઈના યુવક-યુવતી મંડળના સભ્યોએ સેવા કરી સફળ બનાવ્યો.

સભા સંચાલન સ્વામી શ્યામકૃષ્ણદાસજી અને દિનેશભાઈ વાઘડાએ કર્યું હતું.

અ - હિતેશભાઈ પવઈ

## શ્રાદ્ધ કથા એવં રસોત્સવ - થાણા (મુંબઇ)

શ્રીસ્વામિનારાયણ સત્સંગ ભવન મુંબઈમાં બિરાજમાન ઠાકોરજીના ૧૫ વર્ષનો ઉત્સવ એટલે કે ‘‘શ્રીસહજાનંદ સુખકારી મહોત્સવ’’ના ઉપક્રમે શ્રાદ્ધ



કથાનું આયોજન કરવામાં આવ્યું.

તા.૧૨ થી ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૫ ત્રિ-રાત્રી કથામાં થાણા સત્સંગ ભવનના સંચાલક પુ.સ્વામી હરિમુકુંદદાસજીએ પુરુષોત્તમ ચરિત્ર પુષ્પમાળા ગ્રંથના માધ્યમથી શીયાણી ગામના શિવરામ વિપ્રે સ્વામિનારાયણ ભગવાનને પૂછેલા ૧૮ પ્રશ્નોની કથા સંભળાવી હતી. જેમાં પ્રથમ દિવસે પુ.સ્વામી જયકૃષ્ણદાસજીએ રૂડા આશીર્વાદમાં શ્રાદ્ધનો મહિમા, શ્રાદ્ધ શા માટે કરવું જોઈએ ? એના વિશે વિસ્તૃત વાત કરી હતી.

કથાના બીજા દિવસે ભજીયા ઉત્સવ ઉજવવામાં આવ્યો. જેમાં સાં.યો.બહેનોના માર્ગદર્શન મુજબ ગૃહસ્થ બહેનોએ ૫૦ થી વધારે પ્રકારના અલગ અલગ જેવા કે બટેટા, કાકડી, તુરીયા, મરચાં, માખણ, કાજુ, મેથી વિગેરેના ભજીયા બનાવીને લાવ્યા અને તેને ભગવાન સમક્ષ ધરાવવામાં આવ્યા હતા. અને કથા અંતે સંપ્રદાયમાં પહેલીવાર ભજીયા ઉત્સવ થાણામાં ૧૫ વર્ષના ઉપક્રમે

ઉજવાય છે એટલે આરતીના ૧૫ યજમાનો થઇ સંતો સાથે અને ભજીયા ઉત્સવની આરતીનો લાભ લીધો હતો.

ત્રીજા દિવસે રસોત્સવ ઉજવવામાં આવ્યો. જેમાં અન્ય પ્રકારના કેરી, કેળા, સફરજન, અવાકાડુ, દ્રાક્ષ, જાંબુ જેવા ૬૨ પ્રકારના ફળના રસ ભગવાનની આગળ ધરાવવામાં આવ્યાં. જેના દર્શન કરી બધા હરિભક્તો રાજી થયા હતા. કથાના અંતે સાં.યો.બહેનો સાથે ૨૬ ગૃહસ્થ બહેનો યજમાન થઇ આરતી ઉતારવાનો લાભ લીધો હતો. ઉત્સવ પૂર્ણ થયા બાદ રસોત્સવમાં ધરાવેલા રસનો પ્રસાદ બધા જ ભક્તોને આપવામાં આવ્યો હતો.

ઉત્સવની તૈયારીમાં સ્વામી જયહરિદાસજી, સ્વામી બાલમુકુંદદાસજી તથા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સભ્યોએ સેવા કરી હતી.

સંપૂર્ણ સંચાલન સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ કર્યું હતું.

અ - યુવક મંડળ સંચાલક-ગાંગજી વાવિયા

## શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ

**સંવત્ ૧૮૮૨ મહા સુદ ૫ના દિવસે સહજાનંદ સ્વામીએ સ્વહસ્તે શિક્ષાપત્રી લખી. તેમને આવતા સંવત્ ૨૦૮૨ મહા સુદ ૫ના રોજે ૨૦૦ બસો વર્ષ પૂર્ણ થવા જઇ રહ્યાં છે.**

**એ નિમિત્તે ભુજ મંદિરમાં દિનાંક ૨૦ થી ૨૪ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ ઉજવાશે. એ મહોત્સવના ઉપલક્ષમાં પૂજ્ય મહંત સ્વામીના આદેશથી ભક્તો અનેક નિયમો લીધા ને કરે છે. એ પૈકી શિક્ષાપત્રીનું ૨૦૦ વખત પૂજન પણ કરાશે. ગ.અ. પહેલા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે અમારી લખેલી શિક્ષાપત્રીનો નિત્ય પાઠ કરવો. પાઠ ન થાય તો શ્રવણ કરવું એ ન થાય તો પૂજા કરવી. આ ત્રણેમાંથી કંઇ ન થાય તો એક ઉપવાસ કરવો.**

**મહારાજની આજ્ઞા પ્રમાણે આપણે વાંચન અને શ્રવણ તો કરીએ છીએ. પણ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષે વિશેષ પૂજન કરવાનો લાભ પ્રાપ્ત થયો છે. કચ્છ ચોવિસી, અબડાસા, ઉત્તર-પૂર્વ ગુજરાત, ઓસ્ટ્રેલીયા, યુ.કે., આફ્રિકા, અમદાવાદ ભાટ, કચ્છી લેવા પટેલ બોયસ્ હોસ્ટેલ આદિક દરેક પ્રદેશના ગામોમાં એકવાર પૂજન થયું અને સભા પણ થઇ. ૨૧૨ શ્લોક ગાન અને જનમંગલ નામાવલીથી પૂજન કરવામાં આવ્યું હતું. ફરીવાર પણ દરેક જગ્યાએ પૂજન કરાવાશે.**

## ભુજ મંદિરનું ગૌરવ

ઝારખંડના રાંચી શહેરમાં શ્રી રામલલા પૂજા સમિતિ દ્વારા દુર્ગા પૂજા માટે જિલ્લા સ્કૂલના મેદાનમાં વિશાળ પંડાલ તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં કચ્છ ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરની આબેહૂબ પ્રતિકૃતિ બનાવવામાં આવી છે. દિનાંક ૨૫/૯/૨૦૨૫ ના રોજ પાંચ કન્યાઓ દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પંડાલ (મંડપ) બનાવવામાં એક કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. જેમાં લોકો ૯ દિવસ દરમિયાન દુર્ગા માતાની પૂજા અર્ચના આરતી વગેરે કરશે. અને જે લોકો કચ્છ નથી આવ્યા એ લોકો ભુજ મંદિરના દર્શન કરશે. ભુજ મંદિર માટે ગૌરવની વાત એ છે કે ભારત દેશમાં અનેક મંદિરો આવેલાં છે એમાંથી આ સમિતિએ સનાતન ધર્મના પ્રતિક સમાન કચ્છના શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે સ્થાપિત દેવ શ્રી નરનારાયણ ભગવાનનાં મંદિરની પસંદગી કરી. દુર્ગા ઉત્સવ નિમિત્તે ભગવાન વિષ્ણુજીની ૨૭ ફુટની મૂર્તિ બિરાજમાન કરવામાં આવી છે. ગયા વર્ષે તેઓએ અધ્યોધ્યાનું રામ મંદિર બનાવેલ હતું જેમના દર્શન માટે





૨૫ લાખ લોકો જોવા આવ્યા હતા. ભુજ મંદિર બનાવવા માટે ૧૫૦ કારીગરો છેલ્લા ૪ મહિનાથી દિવસ રાત કામમાં લાગ્યા હતા અને આવું આબેહૂબ ભુજ મંદિર તૈયાર કરી દુર્ગા ઉત્સવ ઉજવી રહ્યા છે. ભુજ મંદિર ની પસંદગી કરવા બદલ ભુજ મંદિરના પૂજ્ય મહંત સ્વામી તથા ટ્રસ્ટી મંડળે આ સમિતિને અભિનંદન પાઠવ્યા હતા અને ભુજથી સંતોને રાંચી





મોકલી સમિતિના સભ્યોને આશીર્વાદ સાથે પહેરામણી કરવામાં આવી હતી અને મહંત સ્વામી દ્વારા મોકલાવેલ પ્રસાદ અને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપરની શાળામાં ગણેશ ચતુર્થીની ઉજવણી કરવામાં આવી



શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ એકેડમી (C.B.S.E.) અંગ્રેજી માધ્યમ અને શ્રીઘનશ્યામ વિદ્યાલય ગુજરાતી માધ્યમની શાળામાં હોંશભેર ગણેશ ચતુર્થીની ઉજવણી કરવામાં આવી. સ્વામી દિવ્યપ્રકાશદાસજી દ્વારા ગણેશ ભગવાનના માતાપિતાની સેવાની વાત વિદ્યાર્થીઓને સમજાવી હતી. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ઈકો ફ્રેંકલી માટીના ગણેશજીની મૂર્તિ બનાવીને શણગાર કર્યો હતો.





નાના ભુલકાઓ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

### બીચ વોલીબોલ સ્પર્ધા

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ એકેડમી (C.B.S.E.) અંગ્રેજી માધ્યમ અને શ્રીઘનશ્યામ વિદ્યાલય ગુજરાતી માધ્યમની શાળાના વિદ્યાર્થીઓએ માંડવી ખાતે આયોજિત SGFI શાળા રમતોત્સવ અંતર્ગત બીચ વોલીબોલ સ્પર્ધામાં શાળા વતી અંડર-૧૪ અને અંડર-૧૭ ની બીલ વોલીબોલ ટીમે રમતમાં પ્રથમ ક્રમાંક હાંસિલ કરીને શાળાને ગૌરવ અપાવ્યું હતું. બીચ વોલીબોલ સ્પર્ધાના વિકાસ માટે ખાસ આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા ભુજમાં સિંદૂર વન રેલી વખતે ઈચ્છા વ્યક્ત કરવામાં આવી હતી. જેમાં બંને શાળાના વિદ્યાર્થીઓએ પ્રથમ વખત આયોજિત આ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવેલ હતા.

## જિલ્લા કક્ષાએ રગ્બીમાં ગુરુકુળના વિદ્યાર્થીઓ ચેમ્પિયન

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ એકેડમી (C.B.S.E.) અંગ્રેજી માધ્યમ અને શ્રીઘનશ્યામ વિદ્યાલય ગુજરાતી માધ્યમની શાળાના વિદ્યાર્થીઓએ માંડવી ખાતે આયોજિત SGFI શાળા રમતોત્સવ અંતર્ગત રગ્બી રમતમાં શાળા વતી અંડર ૧૯ અને અંડર ૧૭ની ટીમે શ્રેષ્ઠ રમત બતાવીને જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવીને શાળાને ગૌરવ અપાવ્યું હતું. અને હવે જિલ્લા વતી ગાંધીનગર મુકામે રાજ્યકક્ષાએ રમતમાં ભાગ લેશે.

## ગુરુકુળ શાળામાં હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ એકેડમી (C.B.S.E.) અંગ્રેજી માધ્યમ અને શ્રીઘનશ્યામ વિદ્યાલય ગુજરાતી માધ્યમની શાળામાં ૮ થી ૧૪ સપ્ટેમ્બર સુધી હિન્દી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. હિન્દી સપ્તાહ અંતર્ગત વ્યક્તવ્ય, નાટક, કવિતા, સમૂહ નૃત્ય, તુલસીદાસની દોહાની રજૂઆત વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ શાળાના હિન્દી શિક્ષક લીલાબેન હિરાણી, ફોરમબેન ભાટી, શાંતાબેન હાલાઇ અને કૃપાલીબેન રાસ્તેના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. સ્વામી ધર્મચરણદાસજી દ્વારા હિન્દી ભાષાના મહત્ત્વની વાત વિદ્યાર્થીઓને સમજાવવામાં આવી હતી.

## ગુરુકુળના વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી કરવામાં આવી

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ એકેડમી (C.B.S.E.) અંગ્રેજી માધ્યમ અને શ્રીઘનશ્યામ વિદ્યાલય ગુજરાતી માધ્યમની શાળામાં સેવા સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત ૧૭ સપ્ટેમ્બરના રોજ પ્રધાનમંત્રી શ્રીનરેન્દ્રભાઇ મોદીના જન્મદિવસ પ્રસંગે નારાણપર ગામમાં આવેલ વિવિધ ધાર્મિક મંદિરો અને શાળા પ્રાંગણમાં સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ શાળાના દરેક વિદ્યાર્થીઓએ સ્વચ્છતા અંગે શપથ લેવડાવવામાં આવ્યા હતા. ત્યારબાદ સ્વચ્છ શાળા સ્વચ્છ દેશના સૂત્રને અનુસરીને શાળાના સર્વે વિદ્યાર્થી સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા. આચાર્યશ્રી પંકજ રાજગોર દ્વારા સ્વચ્છતા ત્યાં પ્રભુતાનો સંદેશ વિદ્યાર્થીઓને આપવામાં આવ્યો હતો. આ કાર્યમાં શાળાના સર્વે શિક્ષકો જોડાયા હતા. સંચાલક સંતો, ટ્રસ્ટીશ્રીઓ અને ગ્રામજનો દ્વારા આ કાર્યને આવકારવામાં આવ્યું હતું.

આ ઉપરોક્ત કાર્યોની સિદ્ધિ માટે શાળા સંચાલકમંડળવતી સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી, ટ્રસ્ટીશ્રીઓ નવિનભાઇ પાંચાણી, શિવજીભાઇ વેકરીયા, ગોવિંદભાઇ હાલાઇ, જાદવજીભાઇ ગોરસયા, સામજીભાઇ પિંડોરીયા, મુકેશભાઇ વેકરીયા અને શાળાના આચાર્યશ્રી સાકેતસિંઘ અને પંકજ રાજગોર તથા શાળાના સ્ટાફ દ્વારા સર્વે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. અને તેમની સિદ્ધિને બિરદાવવામાં આવી હતી.

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓ રગ્બીમાં તમામ વિભાગોમાં ચેમ્પિયન રાજ્યકક્ષાએ કચ્છનું પ્રતિનિધિત્વ કરશે




રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃતિ ભુજ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાની રગ્બી સ્પર્ધાનું આયોજન તા.૨૪/૮/૨૫નાં કરાયું હતું. જેમાં અંડર ૧૪-૧૭-૧૯ એમ તમામ કક્ષામાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓએ પ્રથમ ક્રમે જીત મેળવી ચેમ્પિયન થયેલ છે. જે હવે રાજ્યકક્ષાએ કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

## કુસ્તી, યોગ, હેન્ડબોલ, રગ્બીમાં જ્વલંત વિજય બાદ એથ્લેટિક્સનાં ત્રણેય ફોર્મેટમાં દમદાર દેખાવ. ૧૭ સુવર્ણ સહિત ૩૮ ચંદ્રકો પ્રાપ્ત



કન્યા વિદ્યામંદિરની દીકરીઓએ રમત-ગમત વિભાગ દ્વારા જિલ્લા કક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધામાં અંડર ૧૪-૧૭-૧૯ એમ ત્રણેય વિભાગની સ્પર્ધામાં સમગ્ર જિલ્લામાં ૧૭ સુવર્ણ ચંદ્રક, ૧૪ રજત ચંદ્રક અને ૭ કાંસ્ય ચંદ્રક આમ કુલ્લ ૩૮ ચંદ્રકો સાથે સંસ્થાનું નામ રોશન કરી હવે રાજ્યકક્ષાએ કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

## કલા-મહાકુંભમાં લગ્નગીત અને બેન્ડમાં કચ્છમાં પ્રથમ ક્રમે ઝળકી

યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ કચેરી અને રમત-ગમત વિભાગ ગાંધીનગર દ્વારા જિલ્લા કક્ષાએ કલા મહાકુંભ વર્ષ ૨૦૨૫-૨૬ નું આયોજન ભુજ અને માધાપર ખાતે તા.૨૯/૮/૨૫ ના કરવામાં આવેલ.





જેમાં લગ્નગીત સ્પર્ધા વયજુથ ૧૫ થી ૨૧ વર્ષમાં અને બેન્ડમાં ૬ થી ૧૪ અને ૧૫ થી ૨૦ વર્ષમાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓએ પ્રથમ નંબર મેળવેલ છે. આ વિદ્યાર્થીનીઓ હવે પ્રદેશ કક્ષાએ કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

## વોલીબોલમાં અંડર-૧૪-૧૭ અને ૧૯ એમ ત્રણેય કક્ષાએ જડબેસલાક જીત કચ્છમાં ડંકો રાજ્યકક્ષાએ પ્રયાણ



કન્યા વિદ્યામંદિરની દીકરીઓએ રમત-ગમત વિભાગ દ્વારા જિલ્લા કક્ષાની વોલીબોલ સ્પર્ધા કે જે તા.૩૦/૮/૨૫નાં રોજ યોજાઈ હતી. તેમાં અંડર-૧૪-૧૭-૧૯ એમ ત્રણેય વિભાગની સ્પર્ધામાં સમગ્ર જિલ્લામાં વિજેતા થયેલ છે. જે હવે રાજ્યકક્ષાએ કચ્છનું પ્રતિનિધિત્વ કરશે.

## જૂડોમાં અંડર ૧૪-૧૭ અને ૧૯ કક્ષાએ સુવર્ણ ૧૬ સહિત ૨૨ ગૌરવભર્યા ચંદ્રકો પ્રાપ્ત રાજ્યકક્ષાએ પ્રયાણ

કન્યા વિદ્યામંદિરની દીકરીઓએ રમત-ગમત વિભાગ દ્વારા જિલ્લા કક્ષાની જૂડો સ્પર્ધા કે જે તા.૧/૯/૨૫નાં રોજ યોજાઈ હતી. તેમાં અંડર ૧૪-૧૭-૧૯ એમ ત્રણેય વિભાગની સ્પર્ધામાં સમગ્ર જિલ્લામાં ૧૬ સુવર્ણ, ૩ રજત અને ૩ કાંસ્ય આમ કુલ્લ ૨૨ ચંદ્રકો મેળવી ગૌરવભરી જીત પ્રાપ્ત કરી રાજ્યકક્ષાએ કચ્છનું પ્રતિનિધિત્વ કરશે.

ઉપરોક્ત દીકરીઓના પ્રશંસનીય પ્રદર્શન



બદલ શ્રીસ્વામિનારાયણ મંદિરના પૂ.મહંત સ્વામી આદિ સમસ્ત સંત મંડળ, સાં.યો.મહંત સામબાઈફઈ સહ સમસ્ત સાં.યો. બહેનોએ અંતરના રૂડા આશીર્વાદ સહ શુભેચ્છાઓ પાઠવેલ છે.

સાથે મંદિરનું ટ્રસ્ટી મંડળ, સંસ્થાના પ્રમુખ રામજીભાઈ વેકરીયા, મંત્રી પ્રવિણભાઈ પિંડોરીયા, સંચાલક મંડળ, સંસ્થાના આચાર્યા દક્ષાબેન પિંડોરીયા, માર્ગદર્શન શિક્ષકો સહ સ્ટાફ પરિવાર તેમજ દેશ-વિદેશના હરિભક્તો દ્વારા અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે.

## શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા શ્રીસ્વામિનારાયણ હેલ્થકેર સેન્ટરનો પ્રારંભ

ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા ચાલતી મેડિકલ સેવાના ભાગરૂપે એક નવું સોપાન ઉમેરાયું છે. છેલ્લા ૧૫ વર્ષથી ચાલતી માંડવી પિયાવા વિસ્તારમાં શ્રીસ્વામિનારાયણ હોસ્પિટલ જેમનો લાભ માંડવી






તાલુકાના લોકો લઈ રહ્યા છે. અને છેલ્લા ૫ વર્ષથી માંડવી-મુન્દ્રા તાલુકાના ગામોમાં ફરતું દવાખાનું ચાલે છે જેનાથી લોકો ખૂબ રાજી છે કે અમારા ગામમાં જ અમારી તપાસ અને સારવાર થાય છે એ માટે ભુજ મંદિરના મહંત સ્વામીનો ખૂબ આભાર વ્યક્ત કરતા હોય છે.

એક ફરતું દવાખાનું પશુઓ માટે પણ ચાલે છે જેનાથી ખેડૂતો પણ ખુશ છે કે અમારા પશુઓ માટે વાડીમાં જ સારવાર મળી રહે છે. આ સેવા સાથે એક નવું સોપાન શ્રીસ્વામિનારાયણ હેલ્થકેર સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો છે, જેનું ઉદ્‌ઘાટન દિનાંક.૬/૯/૨૦૨૫ ના રોજ ભુજ મંદિરના ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, માંડવી મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી કેશવજીવનદાસજી આદિ સંતોના વરદ્‌હસ્તે કરવામાં આવેલ છે.

આ સેન્ટરમાં સાધનોની સેવા પ.ભ.નાનજીભાઈ મેઘજી હિરાણી, ધ.પ.વાલબાઈ ગામ નારાણપર હાલે લંડન પરિવાર તરફથી મળેલ છે જેમને સંતોએ રુડા આશીર્વાદ પાઠવ્યા હતા. લોકોનો ખૂબ જ પ્રતિસાદ મળી રહ્યો છે.

## તંત્રી મંડળ તરફથી નૂતન વર્ષાભિનંદન

**પ્રકાશનું પર્વ દિપાલવી આપના પરિવારના જીવનમાં પ્રફુલ્લિતતા, પ્રસન્નતા અને પવિત્રતાનો પ્રકાશ પાથરે. ભક્તિના બળમાં વૃદ્ધિ થાય. સત્સંગ દ્વારા સદ્વિચાર અને સત્કાર્યોને અમલમાં મૂકતા રહો. શરીર સ્વાસ્થ્યસભર અને આરોગ્યપ્રદ રહે. પરિવાર તરફથી આદરભાવ સાથે આત્મીયતાની અનુભૂતિ થાય. એજ પ્રાર્થના સહ અભિનંદન.**

**સર્વે સત્સંગીઓ શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશના સર્વે ગ્રાહકો, લેખકો, વાંચકો, સેવાભાવી કાર્યકરો, કર્મચારીઓ અને શુભચિંતકોને દિવાળીની શુભેચ્છાઓ સાથે નૂતન વર્ષાભિનંદન સહ તંત્રી મંડળના આશીર્વાદ સાથે જય શ્રીસ્વામિનારાયણ.**

# સત્સંગ સમાચાર - વિદેશ

## ભુજ મંદિર સંચાલિત સ્વામિનારાયણ યુવક મંડળના યુવાનો માટે દાતા સુખાનામ્ -૨૦૨૫ યુ.કે. ભવ્ય સત્સંગ શિબિર

ઇષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાન તેમજ ભુજ નગરનિવાસી શ્રીનરનારાયણદેવની અહૈતુકી કૃપા-કરુણાથી તેમજ ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ વડિલ સંતોના આશીર્વાદથી યુ.કે. પ્રાંતના આઠે મંદિરોના શ્રીસ્વામિનારાયણ યુવક મંડળની તા.૨૨/૮/૨૦૨૫ થી તા.૨૬/૮/૨૦૨૫ પંચ દિવસીય 'દાતા સુખાનામ્' શિબિરનું સફળતાપૂર્વક આયોજન કરાયું હતું. પ્રાકૃતિક સૌંદર્યથી સભર અને અતિ સુંદર 'ગ્રોસવેનર હોલ' (Grosvenor) નામના સ્થાનને શિબિર માટે પસંદ કરવામાં આવ્યું. આ શિબિરમાં કુલ્લ ૧૨૦૦ થી ઉપર યુવક-યુવતીઓ અને બાળકોએ ભાગ લીધો હતો.

તા.૨૨ ના સર્વે શિબિરાર્થીઓએ શિબિર સ્થાને આવી રજીસ્ટ્રેશન કરાવ્યું. તે દિવસે સાંજે ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી, સદ્‌ગુરુ સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી, સદ્‌ગુરુ પુરાણી સ્વામી મકતવલ્લભદાસજી, સદ્‌ગુરુ પુરાણી સ્વામી પરમહંસદાસજી, શાસ્ત્રી પાર્ષદ માવજી ભગત, શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, સદ્‌ગુરુ શા.સ્વામી ગોલોકવિહારીદાસજી આદિ ૧૮ સંતોના સાંનિધ્યમાં ઠાકોરજીની ભવ્ય શોભાયાત્રા કરવામાં આવી હતી. શોભાયાત્રા બાદ પૂજ્ય સંતોના હાથે દીપપ્રાગટ્ય કરી ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજીના શુભ આશીર્વાદ લઈને શિબિરની શુભ શરૂઆત કરવામાં આવી. શિબિરની માહિતી, શિક્ષાપત્રીનો મહિમા અને કેવી રીતે શિબિરનું આયોજન કરવામાં આવશે તેનું પ્રેજેન્ટેશન પુરાણી સ્વામી રાઘવમુનિદાસજી અને વિજય હાલાઈએ કર્યું હતું.

નિયત દિનચર્યા મુજબ પાંચે દિવસ પ્રાત:પૂજા, આરતી, સ્તુતિ, થાળ, કથા-વાર્તા વિગેરમાં શિબિરાર્થીઓએ હર્ષોલ્લાસ સાથે લાભ લીધો હતો. વિદ્વાન સંતોએ વિવિધ વિષયો પર પ્રેજન્ટેશનના માધ્યમથી જ્ઞાન પીરસ્યું હતું. તેમાં બીજે દિવસે 'શાસ્ત્ર' આ વિષય પર શા.સ્વામી મુરલીમનોહરદાસજી અને ધીરેશ હિરાણીએ પ્રેજન્ટેશન કર્યું હતું. આશીર્વાદમાં શા.સ્વામી ગોલોકવિહારીદાસજીએ ભક્તોને ભગવાન ભજવાની અને શાસ્ત્ર વાંચવાની ટકોર કરી હતી. બીજે દિવસે સાંજે ચેષ્ટા બાદ 'આદર્શ જીવન' ઉપર શા.સ્વામી રાઘવમુનિદાસજી અને પ્રદ્યુમન હાલાઈએ સાથે મળી પ્રેજન્ટેશન કરી અને આપણા જીવનમાં નિત્યક્રિયાઓ કેવી રીતે કરવી તેની ઉપર વાત કરી હતી. ત્રીજે દિવસે 'મંદિર' આ વિષય પર શા.સ્વામી વેદાંતસ્વરૂપદાસજી અને દિલન રાબડીયા સાથે મળી પ્રેજન્ટેશન કરી મંદિરનાં માહાત્મ્યનું ઊંડુ જ્ઞાન પીરસ્યું હતું. શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ પોતાના આશીર્વાદમાં મંદિર ઉપર વિશેષ છણાવટ કરી હતી. ચોથે દિવસે 'આહાર વિવેક' આ વિષય પર શા.સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી અને ભાવિક કેરાઈએ પ્રેજન્ટેશનના માધ્યમથી ઈન્દ્રિયોના તમામ આહાર શુદ્ધ અને પવિત્ર હોવા જોઈએ એ સૂક્ષ્મ બાબતોની ખૂબ સારી છણાવટ કરી હતી. આશીર્વાદમાં સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજીએ આહાર વિવેક ઉપર વચનામૃત અને કાવ્યના પ્રમાણો સાથે છણાવટ કરી હતી. પાંચમા



દિવસો 'સેવા' આ વિષય પર શા.સ્વામી ઘનશ્યામનંદનદાસજી અને જીગ્નેશ વરસાણીએ જીવનમાં સાચી સફળતા અને મોક્ષનો દ્વાર સેવા જ છે તેની સુંદર છણાવટ કરી હતી.

સવારની નિત્ય શિક્ષાપત્રી ભાષ્યની કથા યુવાન સંતો દ્વારા કરવામાં આવતી. તેમાં શા.સ્વામી





કુંજવિહારીદાસજી, પુ.સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, શા.સ્વામી હરિસ્વરૂપદાસજી, પુ.સ્વામી કપિલમુનિદાસજી કથા કરી હતી. બપોરપછીના સમયે નિયમ-નિશ્ચય અને પક્ષ પર રાઉન્ડ ટેબલ (ગ્રુપ ચર્ચા) કરવામાં આવતી. તેમાં યુવાનો મુક્ત ચર્ચાઓ કરી તે તે વિષયો પર ઊંડુ જ્ઞાન ચિંતન કરતા અને સંતો પાસેથી



મનમાં ઉદ્ભવેલા પ્રશ્નોના સમાધાન પણ મેળવતા હતા. સાંજે નિત્ય-નિયમ બાદ સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામી વિરચિત પુરુષોત્તમપ્રકાશમાં છેલ્લો ધોળ 'આનંદ આપ્યો અતિ ઘણો રે...' એ કીર્તન ઉપર લીલાઓની સાથે સંતોએ કથા-વાર્તા કરી ભક્તોમાં સત્સંગનો મહિમા જગાવ્યો હતો. તેમાં સદ્ગુરુ પુ.સ્વામી પરમહંસદાસજી, સદ્ગુરુ પુ.સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી, સદ્ગુરુ શા.સ્વામી ગોલોકવિહારીદાસજી, સદ્ગુરુ પુ.સ્વામી મુક્તવલ્લભદાસજી કથા કરી હતી. તે સિવાય ઈમર્સિવધુન, વિવિધ સ્પર્ધાઓ, સત્સંગ સંબંધી ગેમ, સંત સમાગમ, રાસોત્સવ, સંધ્યાફેરી, જેવા વિવિધ કાર્યક્રમોમાં શિબિરાર્થીઓએ સહર્ષ ભાગ લીધો હતો.

શિબિરમાં ભુજ મંદિરના મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા સદ્ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગતે વિડિયો દ્વારા સર્વે શિબિરાર્થીઓને શુભ આશીર્વાદ પાઠવ્યા હતા તથા સંતો અને યુવાનોના અથાગ પ્રયાસને બારદાવી અંતરનો રાજીપો વ્યક્ત કર્યો હતો.

૮ થી ૧૨ અને ૧૩ થી ૧૬ વર્ષના બાળકો અને બાલિકાઓ માટે પણ અલગથી સભાખંડમાં તેઓને અનુરૂપ સંતો અને સંચાલકો દ્વારા સત્સંગ કરાવવામાં આવ્યો હતો. તેમાં શા.સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી, શા.સ્વામી વેદાંતસ્વરૂપદાસજી, શા.સ્વામી મુરલીમનોહરદાસજી, શા.સ્વામી કુંજવિહારીદાસજી, શા.સ્વામી રાઘવમુનિદાસજી તથા સક્રિય સંતો-યુવાન હરિભક્તોએ પ્રેજન્ટેશન, ગેમ્સ, રૂપક વિગેરે દ્વારા તેઓને ખૂબ સારું જ્ઞાન પીરસ્યું હતું. ૮ થી ૧૨ વર્ષના બાળકોએ સંતપૂજનનું અદ્ભુત આયોજન કર્યું જેમાં વડિલ સંતોનું પૂજન કરી રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

રસોડા વિભાગમાં નિલ પટેલ અને તેમની ટીમના હરિભક્તોએ પાંચે દિવસ જુદી જુદી અનેક પ્રકારની વાનગીઓ બનાવી શિબિરાર્થીઓને ઠાકોરજીનો પ્રસાદ જમાડીને ખૂબ સારો રાજીપો મેળવ્યો હતો. હેરોના યુવાન હરિભક્તોએ ખૂબ સારું ડેકોરેશન કરી શિક્ષાપત્રીનું વાતાવરણ ઉભું કર્યું હતું. તેમજ આઠેય મંદિરના યુવાન-યુવતીઓએ સાથે મળીને લિટરેચર, એક્ટિવિટીસ, રંગોત્સવ, કીર્તન હાઉસી, રહેઠાણ વ્યવસ્થા વિગેરેની સારી એવી સેવા કરી હતી. શિબિરમાં ઘણા ધનાઢય ભક્તોએ આર્થિક સેવાઓ કરી ભગવાન અને સંતોનો રાજીપો પ્રાપ્ત કરેલો હતો.

શિબિરના છેલ્લા દિવસે પ્રેજન્ટેશન બાદ ઉપમહંત સદ્ગુરુ સ્વામી ભગવદ્જીવનદાસજીએ રૂડા આશીર્વાદ આપીને છેલ્લી ટકોરની સાથે ભલામણના બે શબ્દો કહ્યા હતા. ઉપસંહાર અને આભારવિધિ માટે સદ્ગુરુ સ્વામી પરમહંસદાસજીએ અંતરનો રાજીપો વ્યક્ત કરેલો હતો.

શિબિરના માધ્યમથી કેટલાક યુવાનો-યુવતીઓએ પોતાના જીવન સુધારી અને ભગવાનને શરણાગત થયેલા છે. રાજી થઇ હર્ષના આંસુ હરિભક્તોના આંખમાં આવેલા હતા. છેલ્લે સંતો સંતોને ભેટી અને હરિભક્તો હરિભક્તોને ભેટીને શિબિરથી વિદાય થયા હતા.

આ રીતે ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણની અસીમ કૃપાથી વડિલ સંતોના આશીર્વાદથી તેમજ યુવક મંડળના સંતો અને આઠે મંદિરના યુવાન હરિભક્તોના અથાગ પ્રયાસથી શિબિરનું સંપૂર્ણ આયોજન સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું. આ શિબિરમાં યુ.કે.ના આઠે મંદિરો ભુજ મંદિરના એક છત્ર નીચે એકત્રિત થઇને એકતાની સુંદર મિશાલ બતાવેલી હતી.

અ-શા.સ્વામી રાઘવમુનિદાસજી

## શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર (ઇસ્ટ લંડન)

શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર ઈસ્ટ લંડન મંદિરના ૩૮ માં અને બાલસ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજનો ૨૩ મો પાટોત્સવ મંથન મહોત્સવ-૨૦૨૫ SSW વાડીમાં ઉજવવામાં આવ્યો હતો.

શ્રીવાસુદેવમાહાત્મ્ય અંતર્ગત સમુદ્ર મંથન કથા સાથે પુરુષોત્તમ પ્રકાશ કથાનું આયોજન સહેલી ઢબે સત્સંગીઓ સમક્ષ વાંચન સાથે વિવરણ કરવામાં આવેલ.



સદ્ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજીના મંડળના સંતો સદ્ગુરુ સ્વામી નિલકંઠચરણદાસજી, સાથે સાથે સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, સ્વામી હરિજીવનદાસજી, સ્વામી પ્રેમવિહારીદાસજી ત્રણ વક્તાઓ સાથે સભા સંચાલક સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી રહ્યા હતા. સાથે સ્વામી સુખનંદનદાજી તેમજ પ્રત્યેક દિવસે અન્ય સંતોની હાજરી અને આશીર્વચનો મળેલ.

આ ઉત્સવના મુખ્ય યજમાનપદે ગામ માનકુવાના હાલે ઈસ્ટ લંડન નિવાસી પ.ભ. વિશ્રામભાઇ સામજી, ધ.પ.માનબાઇ, સુપુત્ર લક્ષ્મણભાઇ, ધ.પ.ચંદ્રિકાબેન, પૌત્ર દિલન, પૌત્રી નિતી એમ શિયાણી પરિવાર રહ્યા હતા. સાથે સુપુત્રી દર્શનાબેન શૈલેશ, પૌત્ર મિહિર, સુપુત્રી હર્ષાબેન



પ્રિતમભાઈ સહ પરિવારની હાજરી રહેલ. તેમજ સમગ્ર શિયાણી પરિવારનો સહકાર રહેલ.

સાથે મહાપ્રસાદના યજમાનશ્રીઓ, અન્નકૂટના યજમાનશ્રીઓ, શ્રીઘનશ્યામ મહારાજના વાઘાના યજમાનશ્રીઓ, સાંસ્કૃતિક કાર્યક્રમના યજમાનશ્રીઓ સાથે સામાન્ય યજમાનશ્રીઓ બહુ મોટી સંખ્યામાં ભાગ ભજવીને ઉત્સવને શોભાવેલ હતો.

દરરોજ સાંજે ભોજન બાદ વિશેષ કાર્યક્રમોનું આયોજન કરેલ.

રવિવાર તા.૧૦/૮/૨૦૨૫ વાડીએ Fundat સાંજે પોથીયાત્રા. મંગળવાર તા.૧૨/૮/૨૦૨૫ ગુજરાતી નિશાળ ઈનામ વિતરણ. બુધવાર તા.૧૩/૮/૨૦૨૫ યોગ તેમજ યોગ મહિમા. ગુરુવાર તા.૧૪/૮/૨૦૨૫ યુવક મંડળ દ્વારા મંદિર મેનીયા વિધ વિધ ગેમ.

શુક્રવાર તા.૧૫/૮/૨૦૨૫ ભારતીય સ્વતંત્ર દિવસ ઉજવણી, ધ્વજ વંદન. સત્સંગીઓ સાથે આ જગ્યાના સરકારી ઉમેદવારો, કાર્યકર્તાઓ પણ સાથે રહેલ. શનિવાર તા.૧૬/૮/૨૦૨૫ શ્રીકૃષ્ણ જન્મોત્સવની મંદિરે આરતી, વાડીએ દૂરદર્શન અને મહારાસ ઉત્સવ. સ્વામી હરિજીવનદાસજીના કંઠે યુવક મંડળ દ્વારા ઢોલ, તબલા નાદ, બેન્ડપાર્ટીના નાદે મહારાસનું આયોજન ધામધૂમથી થયેલ. રવિવાર

તા.૧૭/૮/૨૦૨૫ શ્રીમંદિરનો મુખ્ય દિવસ સવારે ૬-૩૦ વાગ્યે શ્રાવણ વદ નવમી શ્રીઘનશ્યામ મહારાજનો મહાઅભિષેક સંત મંડળ તેમજ વિશેષ સંતોમાં પુ.સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી, પુ.સ્વામી નિર્ભયચરણદાસજી, પુ.સ્વામી વેદાંતસ્વરૂપદાસજી, પુ.સ્વામી અક્ષરપ્રકાશદાસજી, પુ.સ્વામી રાઘવમુનિદાસજી, પુ.સ્વામી ગોલોકવિહારીદાસજી એમ અન્ય શિબિરના સંતો, વિલ્સડન મંદિરમાં પધારેલ સંતોએ સમય અનુસાર આશીર્વચન તેમજ દર્શનનો લાભ આપેલ. સાથે બ્રહ્મકુમારમાં દિનેશ મારાજ, અક્ષય મારાજ પણ ભાગ ભજવેલ.

આજના દિવસે શ્રીમંદિરના સિંહાસન ધ્વજારોહણ બેન્ડપાર્ટી-લેઝીમના મધ્યે અનુપમ આયોજન થયેલ. ત્યારબાદ વાડીએ કથા બાદ સર્વને ભોજન પ્રસાદ અપાયો હતો.

પૃથ્વીના અનેક સ્થાનેથી હરિભક્તો આધુનિક ટેકનોલોજી દ્વારા ઓનલાઈન ઉત્સવ અને દર્શનનો લાભ મેળવી ધન્ય થયા હતા.

અ - મંત્રી પુલકિતભાઈ અને અરવિંદભાઈ

## એડિલેડ ઓસ્ટ્રેલિયામાં સમૂહ શ્રીમદ્‌ભાગવત પારાયણનું આયોજન

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ એડિલેડ ઓસ્ટ્રેલિયા મંદિરમાં સર્વ પિતૃઓની પુણ્ય સ્મૃતિમાં દિનાંક ૧ થી ૭ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન ૭ દિવસના સમૂહ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણનું ભવ્ય આયોજન કરાયું હતું. પ્રથમ દિવસે ગણેશજી તથા વિષ્ણુ ભગવાનની સ્થાપના બાદ પોથીયાત્રા નીકળી હતી.





લેઝીમના નાદે વાજતે ગાજતે યજમાનશ્રીઓ પોતાના મસ્તક ઉપર પોથીઓ ધારી મંદિરના ચોકમાંથી મંદિરે લાવ્યા હતા. મુખ્ય વ્યાસપીઠ ઉપર શ્રીમદ્‌ભાગવત શાસ્ત્ર પધરાવી વ્યાસરૂપ વક્તાશ્રીનું તેમજ પોથીજીનું યજમાનશ્રીઓ દ્વારા પૂજન કરવામાં આવ્યું હતું. પૂજ્ય વક્તા સ્વામી દેવવિહારીદાસજીએ ભાગવત કથાનું શ્રવણ કરાવ્યું હતું. પારાયણ દરમિયાન વિવિધ ઉત્સવોનું આયોજન કરવામાં આવ્યું હતું. સૂકામેવાથી ભાગવત શાસ્ત્ર અભિષેક, મંગળવારે શ્રીકૃષ્ણ જન્મોત્સવ, રાસોત્સવ, મટકી ફોડ વિગેરે કરવામાં આવ્યા હતાં. રવિવારના સવારે સપ્તાહ પારાયણનું સમાપન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં બહેનો



તથા પુરુષો, બાળકો હરિભક્તો એ લાભ લઈ ધન્ય થયા હતા. કથા પૂર્ણાહુતિના દિવસે શ્રીમદ્‌ભાગવતના યજમાનો થયા હતા એ દરેકને પહેરામણી કરવામાં આવી હતી. આ ભાગવત કથા દરમિયાન રાપર મંદિરની ગાયો માટે ચારાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.



છેલ્લે મંદિરના મંત્રીશ્રીએ આભારવિધિ કરી આ કાર્યમાં જે જે સેવાના વિભાગો હતા એમાં જોડાયેલા ભક્તોનો આભાર વ્યક્ત કર્યો હતો. સંતોના રોકાણ દરમિયાન વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આયોજિત ગણેશોત્સવમાં પણ સંતો પધારી સ્થાનિક ભારતીયોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તેમજ યુવાનો અને યુવતીઓ માટેની એક દિવસીય વિશેષ સભા પણ યોજાઈ હતી અને રવિવારે દરેક ભક્તો સંતો સાથે



વિશેષ સંવાદ સભા તથા પ્રેઝન્ટેશન દ્વારા આપણા આદર્શ કોણ એ વિષયક સ્વામી દેવવિહારીદાસજીએ રજૂ કરેલ અને વિશ્વ વ્યાપાર રમતનું આયોજન કરવામાં આવ્યું હતું. સંતોના આવવાથી ગામના દરેક ભક્તો ખૂબ જ રાજી થયા હતા. એડિલેડમાં ભાદરવા સુદ-૧૫ પૂનમના ગ્રહણ હોવાથી ભક્તો સાથે ભજન-ભક્તિનો કાર્યક્રમ રાખેલ હતો જેમાં ઘણાં બધા યુવાન ભક્તો જોડાયા હતા. મંદિરમાં આવતા બાળકો માટે મંદિરમાં જ બાલવાટિકા તૈયાર કરવામાં આવી છે એમનું ઉદ્‌ઘાટન પૂજ્ય સંતો દ્વારા કરવામાં આવ્યું હતું. પધારેલ સંતો શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી, પુરાણી સ્વામી દેવવિહારીદાજી, પુરાણી સ્વામી સુવ્રતમુનિદાસજી અને પુરાણી સ્વામી મુકુંદમુનિદાસજી આદિ સંતોએ દરેક ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

## ઝાંઝીબાર-ટાંઝાનિયા

ઝાંઝીબાર શ્રીસ્વામિનારાયણ મંદિરના બીજા વાર્ષિક પાટોત્સવની ઉજવણી ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી પધારેલા શા.સ્વામી ભક્તિપ્રિયદાસજી, સ્વામી નારાયણપ્રિયદાસજી, સ્વામી દેવસ્વરૂપદાસજી, સ્વામી ધર્મપ્રિયદાસજી, સ્વામી શ્રીરંગદાસજી, ગાયક સ્વામી વાસુદેવપ્રિયદાસજી આદિ સંત મંડળના સાંનિધ્યમાં ઉજવાઈ ગયો.

ટાંઝાનિયા-ઝાંઝીબારમાં મંદિરના બીજા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ત્રિ-દિવસીય પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે પોથીયાત્રા



બાદ દેવતાઓનું સ્થાપન-પૂજન કરી કથાનો મંગલ પ્રારંભ કરવામાં આવ્યો હતો. ત્યારપછી ઠાકોરજીનો



પંચામૃતથી મંત્રોચ્ચાર સાથે સંતો-ભક્તોના હસ્તે અભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારપછી રાસોત્સવની ઉજવણી કર્યા બાદ ભોજન પ્રસાદ આપવામાં આવ્યો હતો.

ભાદરવી અમાસના દિવસે ષોડશોપચારથી મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. કથા પારાયણના યજમાનો, દાતાઓનું સન્માન કરાયું હતું. ઠાકોરજી આગળ વિવિધ વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. ત્યારપછી પાટોત્સવની આરતી-મહાઆરતી કરવામાં આવી હતી. સંતોના આશીર્વાદ સાથે આ કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

અ - શા.સ્વામી ભક્તિપ્રિયદાસજી

## કેરીચોમાં મંદિરની સ્થાપના

કેન્યા-કેરીચો ગામે શ્રીસ્વામિનારાયણ નૂતન મંદિરનું નિર્માણ થયું. કચ્છી હરિભક્તો વ્યવસાય માટે ત્રીસેક વર્ષ પહેલાં આ ગામમાં વસવાટ કર્યો હતો. ધંધામાં કન્ટ્રકશન, હાર્ડવેર તેમજ અન્ય ઉદ્યમો કરતા, પરંતુ ભજન સત્સંગ કરવાનું સ્થાન ન હોવાથી ભક્તોએ સંતોની પાસે માંગણી કરી ત્યારે ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજી આદિ સંતો રાજી થઈને કેરીચોમાં રહેતા ગુજરાતના પટેલ પરેશભાઈને વાત કરતા પોતાના ઘરે સર્વે હરિભક્તોને ઈ.સ.૧૯૯૫ થી



પધરાવવામાં આવી છે. સ્વામી નારાયણપ્રિયદાસજી, સ્વામી દેવસ્વરૂપદાસજીએ મહાપૂજા કરાવી હતી. ત્યારપછી પુરાણોક્ત મંત્રોચ્ચાર સાથે ઠાકોરજીનો પંચામૃતથી અભિષેક બાદ ભવ્ય અન્નકૂટ ભરવામાં આવ્યો અને ઠાકોરજીની આરતી કરવામાં આવી હતી. રાત્રે રાસોત્સવનું ભવ્ય આયોજન રાખવામાં આવ્યું હતું જેમાં ગાયક સ્વામી વાસુદેવપ્રિયદાસજીએ નંદ પદવીના સંતોના કીર્તનોની રમઝટ બોલાવી હતી. આ પ્રસંગે નાઈરોબી, કિસુમુ, એલ્ડોરેટ, નકુરુ, કેરુગોયા, મેરુ વિગેરે પ્રાંતમાંથી હરિભક્તો પધાર્યા હતા.

આ પ્રસંગે પાંચ દિવસની પારાયણ કેરીચોમાં પ્રથમ વખત કરવામાં આવી હતી. પારાયણ પ્રસંગે રાત્રી કાર્યક્રમો યોજાયા હતા. જેવા કે એકાદશી

સત્સંગ કરતા. રવિવારે સભા, સત્સંગ, ઉત્સવ, સમૈયા કરતા સમય જતાં આ ઘર સીટીથી શહેરથી ૧૨ કિ.મી. દૂર જતાં દરેકને કાયમ પહોંચવું ભારે થતું હોવાથી ભુજ મંદિરના મહંત સ્વામી આદિ સંતોની આજ્ઞા અને પ્રેરણા લઈ ગામમાં જ મંદિર માટે જમીનની તપાસ કરતાં ભગવાનની કૃપા અને સંતોના આશીર્વાદથી ૧ એકર જમીન મળી આવી, કેરીચોના ચાર હરિભક્તો પ.ભ.જાદવજી રવજી છભાડીયા પરિવાર, પ.ભ.શશીકાંતભાઈ કાનજીભાઈ પિંડોરીયા પરિવાર,





પ.ભ.ઘનશ્યામભાઈ કેસરા છભાડીયા પરિવાર, પ.ભ.ખીમજીભાઈ રવજી છભાડીયા પરિવાર સાથે મળી જમીન સંપાદન કરી ભુજ શ્રીનરનારાયણદેવને અર્પણ કરી. ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી સદ્‌ગુરુ પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી આદિ સંતો દ્વારા ભુમિપૂજન કરાયું. આ જમીનમાં જ ૫૦ બાય ૭૫ ફૂટની જગ્યામાં હોલ તૈયાર કરી નાના સિંહાસનમાં ભુજ મંદિરથી આવેલ શ્રીઠાકોરજી પધરાવવામાં આવ્યા છે. આ અવસરે ભુજ મંદિરેથી પૂજ્ય મહંત સ્વામીની આજ્ઞાથી શા.સ્વામી ભક્તિપ્રિયદાસજી આદિ સંતોનું મંડળ મંદિર પધારેલ હોવાથી નવા તૈયાર થયેલા મંદિરના સભાખંડમાં તા.૨૦ જુલાઈ ૨૦૨૫ના રોજ મહાપૂજા કરવામાં આવેલ સાથે મૂર્તિઓ નવા સિંહાસનમાં

જાગરણ, વિવિધ ફળોના જ્યુસ ઠાકોરજીને આગળ ધરવામાં આવ્યા તથા ભજન-સંધ્યામાં ગાયક સંતો-ભક્તોએ કીર્તનો ગાયા હતાં.

વક્તાપદે પુરાણી સ્વામી નારાયણપ્રિયદાસજી, પુરાણી સ્વામી શ્રીરંગદાસજી રહ્યા હતા. રસોડા વિભાગની સેવા પુરાણી સ્વામી ધર્મપ્રિયદાસજીએ સંભાળી હતી. સંતો આશીર્વાદ પાઠવતાં રાજીપો વ્યક્ત કર્યો હતો. હરિભક્તોએ પણ પોતાના વિચારો રજૂ કર્યા હતા. ભુજથી મહંત સ્વામી આદિ વડીલ સંતોએ લાઈવ આશીર્વાદ પાઠવ્યા હતા. કાર્યક્રમને અંતે દરેક ભક્તોને ભોજન પ્રસાદ પીરસાયો હતો. આ પ્રસંગમાં બહેનોએ ઉમદા સેવાભાવ અને ઉત્સાહથી રસોડા વિભાગમાં ખૂબ જ સારી સેવાનો લાભ લીધો હતો.

અ - શા.સ્વામી ભક્તિપ્રિયદાસજી

## આધોઇમાં શ્રીહરિની લીલા

બાળ મિત્રો, જય શ્રીસ્વામિનારાયણ, આજ આપણે સાંભળીશું આધોઇમાં કરેલી શ્રીહરિની લીલા.

એક દિવસ ભગવાન શ્રીહરિ આધોઇ ગામમાં લાધાજી દરબારને ત્યાં બિરાજમાન હતા. અદાજી, કલ્યાણજી, રામસંગજી અને રાયધણજી આદિ ભક્તો શ્રીહરિની આગળ બેઠા હતા. તે સમયે શ્રીહરિએ ભક્તોને કહ્યું : ‘‘અમે એમ સાંભળ્યું છે કે તમારે ઘેર ઘી બહુ સારું થાય છે.’’ અદાજી કહ્યું : ‘‘હા, મહારાજ ! ઘી બહુ સારું થાય છે.’’ એમ કહીને પોતાને ત્યાં આઠ ભેંશું દૂઝણી હતી. તેનું ઘી તાવીને ટાઢું કરીને એક મોટી તાંસળીમાં ભરીને શ્રીહરિને આપ્યું. શ્રીહરિ તાંસળી હાથમાં લીધી અને જોઈને કહ્યું : ‘‘ઘી તો ખરેખર બહુ સારું છે, સુગંધ પણ બહુ સારી આવે છે, શું આ ઘી તમે અમને પીવા માટે આપ્યું છે ?’’ અદાજીએ કહ્યું : ‘‘હા, મહારાજ ! સુખેથી પીઓ.’’ ત્યારે ભગવાન શ્રીહરિ તાંસળી મોઢે માંડીને ધીરે ધીરે ઘી પાન કરી ગયા. પછી તાંસળી હરિભક્તને પાછી આપી. ત્યારે ભક્તોએ તાંસળીમાં આંગળી ફરવીને જોયું તે આંગળીમાં ચીકાસ મળે નહીં. કારણ કે વાસણમાં જરા પણ ચીકાસ રહ્યો ન હતો. ભક્તોએ કહ્યું : ‘‘હે મહારાજ ! જેમ કૃષ્ણ અવતારમાં પૂતના ધવરાવવા આવી હતી, તેના પ્રાણ સહિત દૂધપાન કરી ગયા. તેમ તાંસળીમાં પણ ચિકાશ તમે રહેવા દીધો નથી.’’ શ્રીહરિએ કહ્યું : ‘‘અમને તમે ઘી પીવા આપ્યું તે અમે પી ગયા. બાકી શ્રીકૃષ્ણ પૂતનના પ્રાણ કેમ લીધા એતો એ જાણે.’’ હરિભક્તો કહે : ‘‘હે મહારાજ ! પ્રસાદી પણ ન રહેવા દીધી. વાત સાંભળી શ્રીહરિ મંદ મંદ હસ્યા ને હરિભક્તો પણ હસ્યા. બાળમિત્રો, ભગવાન શ્રીહરિ સત્સંગની સાથે ભક્તોના વ્યવહારનું પણ ધ્યાન આપતા.

એક દિવસ અદાજી આદી ચારે ભાઈનાં માતાએ ભગવાન શ્રીહરિને હાથ જોડીને વિનંતી કરી : ‘‘હે મહારાજ ! મારા ચાર દીકરા છે. તે તમારી કૃપાથી સુખી છે ને ભગવાનનું ભજન પણ સારું કરે છે, પણ વ્યવાહારમાં તો સમજાવીએ તો પણ સમઝે એવા નથી. માટે તે ચારે ભાઈઓ જુદા થવાનો વિચાર કરે છે. ભાગ કરવામાં તો તે પોતે માંહોમાંહી લડી મરશે. મારે મને તો ચારે સરખા છે પણ મને આમાં કંઈ સમજણ પડતી નથી. માટે હે મહારાજ ! જો તમે એમને માલ-મિલ્કત સર્વે સરખે ભાગે વહેંચી આપો તો બહુ સારું થાય.’’ શ્રીહરિએ કહ્યું : અમે સાધુ છીએ તે ગૃહસ્થના વ્યવાહારમાં પડીયે નહિ. પણ તમને અમારામાં વિશ્વાસ છે માટે વહેંચી આપીશું.’’ પછી શ્રીહરિએ ચારે ભાઈઓને પાસે બોલાવીને પૂછી જોયું. ત્યારે ચારે ભાઈએ હાથ જોડીને કહ્યું : ‘‘હે મહારાજ ! જેમ તમે વહેંચી આપશો તેમાં અમે રાજી છીએ.’’

પછી ભગવાન શ્રીહરિએ માલ-મિલ્કતના ચાર ભાગ કરીને ચાર ચીઠિયું બાનવી. ચારે ભાઈને એક એક ચિઠ્ઠી આપીને ચાર ભાઈઓમાં સંપ ટકી રહે એવી રીતે ભાગ કરી આપ્યો. તે ભાગને લઈને ચારે ભાઈઓ રાજી થયા. પછી ચારે ભાઈઓ પોતપોતાને ઘેર રસોઈ કરીને શ્રીહરિને ભાવથી થાળ જમાડ્યા. ને ખૂબ લાડ લડાવ્યા. આમ સેવા કરતા થકા શ્રીહરિને બે માસ પર્યંત પોતાને ઘેર રાખ્યા. તે ગામ રહીને શ્રીહરિ નિત્ય નદીમાં સ્નાન કરવા જતા. નદીને સામે કાંઠે કુંડ છે, તેમાં પણ ઘણી વાર સ્નાન કરેલ છે. અને ત્યાં રહેલા પાતાળેશ્વર મહાદેવનાં દર્શન કરતા.

એક દિવસ તો એવું બન્યું કે રાયધણજીના ભોજાઈએ શ્રીહરિને કહ્યું : “આજ સંતોને ભીક્ષા માંગવા જાવા દેશો નહીં. અમારે ઘેર જમવા મુકજો.” શ્રીહરિએ કહ્યું : “સાધુને ઝોળી માંગવા જાવા દ્યો એ જ સારું છે; જો સાધુ ભૂખ્યા રહેશે તો બજારમાં જઈને પેટ કૂટશે, ને કહેશે જે રાયધણજીએ ઘેર જમવાનું નોતરું દઈને ભૂખે માર્યા.” ત્યારે તે બાઈ બોલ્યાં : “ભૂખ્યા રહે તો કહેજો.” પછી રસોઈ તૈયાર થઈ. આઠ સંતો અને મહારાજ જમવા બેઠા. શ્રીહરિએ સંતોને કહ્યું : “તમારે ના પાડવી નહિ, જે આપે તે લવું ને વારંવાર માંગ્યા કરવું.” બહેન રસોઈ તૈયાર કરે ને ભગત પીરસે. શ્રીહરિ ને સંતો જમવા લાગ્યા. તે જમતા જમતા રસોઈ ખૂટી ગઈ. મહારાજ ને સંતો હજુ ભુખ્યા હતા. બાઈ કહે : “મારા પીટ્યા કોઈ ના પાડતા નથી. પેટ છે કે પટારો.”

શ્રીહરિ કહે : “હોય તો લાવો, નહિંતર સંતો હવે બજારે જઈને પેટ કૂટશે. ને કહેશે કે રાયધણજીએ ઘેર જમવા બોલાવીને ભૂખે માર્યા.” બાઈ કહે : ભુખ્યા રહે તો કહેને.!! ” મહારાજ કહે : હોય તો લાવો ને..!!” પછી બાઈએ પાડોસણના ઘરેથી ઉધારમાં ઘી લઈ આવ્યાં. શ્રીહરિ હસ્તા હસ્તા કહે : “અમે પારકા ઘરનું માંગેલું નથી જમતા.” એમ કહીને બહુ હાસ્યવિનોદ કર્યો.

આમ શ્રીહરિ આધોઈ ગામમાં રહી ભક્તોને ખૂબ આનંદ આપતા હતા.

## -: જ્ઞાન સરિતા :-

બાળ મિત્રો ! શિક્ષાપત્રીના પંદરમાં શ્લોકમાં સહજાનંદ સ્વામીએ લેખ્યું છે કે - દારુ, માંસનો સંપૂર્ણ ત્યાગ રાખવો. કેવો ત્યાગ, તો એ વિષે સાંભળીએ એક પ્રસંગ.

સોરઠમાં લોધીકા નામનું એક ગામ. ત્યાંના રાજા જીભાઈ. સ્વામિનારાયણ ભગવાનના પાકા સત્સંગી. તેમના પુત્ર અભયસિંહ બધી વાતે પૂરા. હિંસા કરવી, દારુ, માંસનું સેવન વગેરે બધું કરે. પિતાને મનમાં બહુ દુઃખ રહ્યા કરે. નિત્ય ભગવાનને પ્રાર્થના કરે. એક દિવસ પ્રાર્થના ફળી. ગોપાળાનંદ સ્વામીનો યોગ થયો અને સ્વામીના સમાગમથી અભયસિંહ મહાન ભક્ત બની ગયા. કેવા ભક્ત થયા ? તો...!

એકવાર જામનગરના રાજા વિભાજામ સાહેબને ત્યાં એક પ્રસંગ હતો. અનેક રાજ-રાજવાડાના સરદારો, મિત્રો ત્યાં આવ્યા હતા. જામ સહેબના અમંત્રણથી અભયસિંહ પણ પધાર્યા હતા. મેફીલ જામેલી હતી. દારુના પ્યાલાઓ પીવાતા હતા.

અભયસિંહ આગળ પણ દારુની પ્યાલી લાવવામાં આવી. પરંતુ તેણે ચોખ્ખી ના કહીં દીધી. અન્ય રાજવીએ લેવા માટે આગ્રહ કર્યો છતાંપણ અભેસિંહએ પ્યાલી ન લીધી. તેથી જામનગરના રાજા વિભા જામને કહ્યું : “બાપુ ! આ અભેસિંહ તમારે હાથે જ દારુની પ્યાલી લેશે માટે તમે આપો.”

તુરંત વિભા જામે હાથમાં પ્યાલી લીધી અને અભયસિંહને પીવા માટે આગ્રહ કર્યો. ત્યારે તે શુરવીર ભક્તે કહ્યું : “જામ સાહેબ ! મેં મારા ગુરુ ગોપાળાનંદ સ્વામી પાસે નિયમ લીધો છે કે, આ મુખેથી ક્યારેય દારુ નહિ પીવું.” વિભાજામે કહ્યું : “અભય ! તો શું મારો હાથ પાછો ઠેલીશ ?” ત્યાં તો અન્ય રાજવીઓ બોલી ઉઠ્યા : “હા..હા, બાપુની વાત સાચી છે, બાપુનું વેણ રાખો અભેસિંહજી, જામ સાહેબનો હાથ પાછો ન ઠેલાય.”

ત્યાં તુરંત કમરમાંથી કટાર કાઢી અભયસિંહજી. બધા જોતા રહી ગયા, કે હવે શું થશે ? પણ અભયસિંહ એ કટાર જામ સાહેબના હાથમાં આપતાં કહ્યું : “રાજન્! લ્યો આ કટાર

અને પાડો છિદ્ર મારા ગળામાં. પછી ત્યાંથી દારુને અંદર નાખો, એટલે તમારો હાથ પાછો ઠેલ્યો નહિ કહેવાય અને મેં પીધો પણ નહિ કહેવાય; પણ હું સ્વામિનારાયણનો ભક્ત છું માટે આ મુખે દારુ અંદર નહિ જાય.'' આવી દૃઢ ટેક જોઈને વિભાજામ રાજી થઈ ગયા. ને અભયસિંહને બાથમાં લઈને ભેટી પડ્યા. ''ધન્ય છે તારી ભક્તિને ધન્ય છે તારી નિષ્ઠાને.''

બાળકો આપણે પણ આવા દૃઢ નિષ્ઠા વારા ભક્ત થવું. કયારેય દારુ, માંસ કે તમાકુ વગેરે કોઈ પણ વ્યસનનું સેવન ન કરવું. અને એવા વ્યસની દોસ્તાર પણ ન રાખવા.

## -: શબ્દરચના :-

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | | | ૩ | | |
| | | | | | | | | ૪ |
| | | | | | ૫ | | | |
| ૬ | | ૭ | | | | | | |
| | | | | ૮ | | ૯ | | |
| ૧૦ | | | | | | ૧૧ | | |
| | | | ૧૨ | | ૧૩ | | | ૧૪ |
| | | | | ૧૫ | | | ૧૬ | |
| ૧૭ | | | | | | | ૧૮ | |

**આડી ચાવી**

૧. શિક્ષાપત્રી કેવી છે - ૮

૫. પાંચ દેવમાંથી એક - ૪

૬. શિક્ષીપત્રીમાં ગૃહસ્થ હરિભક્ત - ૪

૮. જુગટું આદિકનો ત્યાગ - ૩

૧૦. તિર્થયાત્રા કરવી - ૩

૧૧. અંગ દેખાય તેવું ભૂંડું - ૨

૧૨. વિધવા સ્ત્રીઓએ એકવાર - ૩

૧૫. આચાર્યનું નામ - ૫

૧૭. ભૂત-પ્રેતનો ઉપદ્રવ થાય - ૪

૧૮. શ્રીહરિનું એક ચરણ ચિહ્ન - ૨

**ઊભી ચાવી**

૧. નિત્ય પ્રત્યે સાધુનો - ૪

૨. કયા ધર્મનો ત્યાગ ન કરવો - ૪

૩. પોતાના મુખે શું ન કરવું - ૩

૪. નિંદા ન કરવી - ૪

૫. ઉપદ્રવ હોય તો તત્કાળ ત્યાગ કરી દેવો - ૩

૭. શ્રીકૃષ્ણના ડાબા પડખાને વિષે - ૪

૮. આચાર, ........ અને પ્રાયશ્ચિત - ૪

૯. ભક્તિના પ્રકાર - ૨

૧૦. સાધુએ શ્રાદ્ધને વિષે જમવું નહિ - ૪

૧૩. સૂર્યવંશી એક રાજા - ૨

૧૪. ...... લોચન ભવ ભય મોચન - ૩

૧૬. ભગવાનના ચરણની - ૨

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧- કરસનભાઈ ઝીણાભાઈ જેસાણી ધ.પ.અ.નિ.રતનબાઈ, સુત ભીમજીભાઈ ધ.પ.ધનબાઈ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૨૫૧- નિતીન હીરજી વરસાણી, હ. હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ. (અમેરિકા)

૫૦૫- પ્રેમિલાબેન લાલજી વેકરીયા જન્મદિવસ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - માધાપર

૫૦૦- અશ્વિન કિશોર પિંડોરીયા જન્મદિવસ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે હ.વીરભાઈ મેપાણી- માધાપર

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ નારાણપર આયોજીત

# 20 વર્ષ સદ્વિદ્યાપર્વ

એવમ્ અ.નિ. સ.ગુ. સ્વામી પ્રભુચરણદાસજીની પૂણ્યસ્મૃતિ પ્રસંગે



# શિક્ષાપત્રી કથા

**પ્રારંભ**
૨૦-૧૨-૨૦૨૫
શનિવાર
વિ.સં. ૨૦૮૨
માગસર વદ - અમાસ

**પૂર્ણાહુતિ**
૨૪-૧૨-૨૦૨૫
બુધવાર
વિ.સં. ૨૦૮૨
પોષ સુદ - ચોથ

**કથા સમય સવારે**
૯:૦૦ થી ૧૨:૦૦ કલાકે

**કથા સમય બપોર પછી**
૩:૩૦ થી ૫-૩૦ કલાકે





## પ્રથમ દિવસ તા. ૨૦-૧૨-૨૦૨૫, શનિવાર

| પ્રથમ સત્ર | દ્વિતિય સત્ર |
|---|---|
| સત્સંગ / ભક્તિ<br>શિક્ષાપત્રી શ્લોક - ૧૧૪ | સંસ્કાર<br>શિક્ષાપત્રી શ્લોક - ૯૧ |

## દ્વિતિય દિવસ તા. ૨૧-૧૨-૨૦૨૫, રવિવાર

| પ્રથમ સત્ર | દ્વિતિય સત્ર |
|---|---|
| નિર્વ્યસની તથા<br>ચારિત્ર્યવાનજીવન<br>શિક્ષાપત્રી શ્લોક - ૧૮<br>શાકોત્સવ તથા<br>ભુતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહ મિલન | પર્યાવરણ જતન તથા<br>સ્વચ્છતા<br>શિક્ષાપત્રી શ્લોક ૩૨ |

## તૃતિય દિવસ તા. ૨૨-૧૨-૨૦૨૫, સોમવાર

| પ્રથમ સત્ર | દ્વિતિય સત્ર |
|---|---|
| ગુરૂકુલ શિક્ષા/સદ્વિદ્યા<br>શિક્ષાપત્રી શ્લોક - ૧૩૨<br>નૂતન હોસ્ટેલ બિલ્ડીંગનું<br>ઉદ્દઘાટન | આરોગ્ય સેવા<br>શિક્ષાપત્રી શ્લોક - ૧૩૯ |

## ચતુર્થ દિવસ તા. ૨૩-૧૨-૨૦૨૫, મંગળવાર

| પ્રથમ સત્ર | દ્વિતિય સત્ર |
|---|---|
| માતૃ-પિતૃ વંદના તથા<br>માવતરોની બાળકો<br>પ્રત્યેની ફરજ<br>શિક્ષાપત્રી શ્લોક ૧૩૯<br>આચાર્ય મહારાજશ્રીનું આગમન | નારી શક્તિ / નારી સુરક્ષા<br>(સાં.યો. બહેનો દ્વારા)<br>શિક્ષાપત્રી શ્લોક<br>૧૫૯, ૧૬૦, ૧૬૧ |

## પંચમ દિવસ તા. ૨૪-૧૨-૨૦૨૫, બુધવાર

શિક્ષાપત્રી સર્વજીવહિતાવહ સંદેશ
શિક્ષાપત્રી શ્લોક - ૧ થી ૨૧૨ સારાંશ



પ.પૂ. સ.ગુ. મહંત પુરાણી
સ્વામી ધર્મનંદનદાસજી



અ.નિ.પ.પૂ. સ.ગુ.
સ્વામી પ્રભુચરણદાસજી

**બીજમંત્ર અનુષ્ઠાન યજ્ઞ**
દરરોજ સવારના
૯:૦૦ થી ૧૦:૦૦ (૧) કલાક

**ત્રિદિવસીય નિઃશુલ્ક આયુર્વેદિક કેમ્પ**
તા. ૨૧ થી ૨૩- ૧૨-૨૦૨૫




**મહોત્સવ સ્થળ : શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ - નારાણપર**

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2024-2026
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2025/UPTO 31-12-2025




યુ. કે. ની ધરતી ઉપર ભુજ મંદિરના ૮ મંદિરોના શ્રી સ્વામિનારાયણ યુવક યુવતી મંડળ તથા બાળ બાલિકા મંડળ માટે ભવ્ય ૧૨૦૦ થી વધુ ભક્તો માટે દાતા સુખનાં શિબિરનું ભવ્ય આયોજન કરાયું.
પૂ. ઉપમહંત સ્વામી સહિત ભુજ મંદિરના ૨૦ સંતોની ઉપસ્થિતિ હતી.